દર]

થી નિ. લી.
વિચારો, વચનામૃતો, લેખાદિનો
પુષ્પ પ્રગટ થઈને વૈષ્ણવોને પ્રાપ્ત
તેનું આ દ્વિતીય પુષ્પ પ્રસ્તુત છે.

મૌલિક અને ક્રાંતિકારી વિચારોનું
રાહનીય છે.

ય ક્રાંતિકારી વળાંકના છેડે ઉભેલ છે.
નિરંતર મનનીય છે. "ચાલુ પ્રથા
ણ ક્યારે ? ક્યાં ? અને કેટલું ?
માળખામાં રહીને આ પ્રશ્ન નિરંતર

સંગ્રહમાં સંગૃહીત પૂ. મહારાજશ્રીના
ત આપે છે. પણ આ વિચારો એકના
સમ્પ્રદાય વિશાળ છે. તેમાં તો આવા
સાથે મળીને કરવા જોઈએ.

વૈષ્ણવોને પ્રાપ્ત
પથદર્શક
રહે,

શ્રી દ્વારકેશ સ્મારક સમિતિ-ગ્રંથમાલા

પુષ્ટિમાર્ગનું રહસ્ય

લેખક
નિત્યલીલાસ્થ
ગો૦ શ્રીદ્વારકેશલાલજી મહારાજ
(મથુરા-પોરબંદર)

: પ્રકાશક :
ગો. શ્રીમાધવરાયજી મહારાજ
શ્રીદ્વારકેશ સ્મારક સમિતિ
મથુરા-પોરબંદર.

પ્રથમ આવૃત્તિ : ૨૦૩૧ ઇ.સ. ૧૯૭૫
૧૦૦૦ પ્રતિ
ન્યોછાવર : બે રૂપિઆ.
C. માધવ ગોસ્વામી

: મુદ્રણસ્થાન :
શ્રી વ્રજ પ્રિન્ટરી
ગાયવાડી,
પોરબંદર.

પૂ. પા. ગો૦ શ્રી દ્વારકેશલાલજી મહારાજ
મથુરા-પોરબંદર



ડા. વિનોદકુમાર પી. સોમૈયા (પ્રેસ્ટન)
ના લગ્ન પ્રસંગનું ચિત્ર, પોરબંદર

"સત્યનો નિર્ભયતાથી સ્વીકાર"

કેટલાક વિચારો વૈષ્ણવોના હિતાર્થે ઉદ્ભવ્યાથી આલેખીએ છીએ. પ્રથમ વિચાર એ પ્રાપ્ત થાય છે કે, જે કાંઈ સત્ય જણાય તેનો નિડરપણે સ્વીકાર કરવો જોઈએ. કેટલીક વખતે સત્યનો અડગ આશ્રય કરતાં ઘણી આપત્તિઓ સહન કરવાનો સમય ઉપસ્થિત થાય છે; પરંતુ ધૈર્યથી તે સહી લેતાં પરિણામે તેનો વિજય જ થાય છે. ચાલુ સમયમાં અમુક સ્થિતિમાં તો સત્ય તરફ પક્ષપાત ધરાવનારા ઘણા નીકળશે; પરંતુ સત્યની ખરી કસોટીમાંથી પસાર થનારાઓની સંખ્યા તો ઘણી જ જૂજ જણાશે. આપણા સંપ્રદાયના અનુયાયીઓ ઘણીવાર અમુક સંયોગો પ્રાપ્ત થતાં સત્યને તિલાંજલિ અર્પતાં અચકાતા નથી. તેવાઓની સંખ્યા પણ મોટી છે. તેઓએ પહેલાનાં તેમજ ચાલુ જમાનાના વૃત્તાંતોથી વાકેફ સત્યનો આગ્રહ ધરાવવાના પાઠો શીખવા જોઈએ અને સત્યે नास्ति भयं क्वचित् એ મહત્વના સૂત્રને હૃદયમાં ધારણ કરવું જોઈએ. સત્ય એ ધર્મનું મૂલ છે. સત્ય પ્રભુનું સ્વરૂપ છે. આગ્રહ એ ઉન્નતિનું કારણ છે અને તેનો ત્યાગ એ અધોગતિનું અવલંબન છે.

"સંપબલમાં વૃદ્ધિ કરો"

જગત્માં વિકટમાં વિકટ ગણાતાં કાર્યો સંપબલથી સુકર થઈ પડે છે. સંપનો અર્થ જ એવો થાય છે કે—सम्यक् पाति कार्यमिति सम्पः— કાર્યનું સારી રીતે પાલન કરે તે સંપ કહેવાય. સંપથી જ અનેક પ્રજા સુખી થઈ છે. કુસંપથી છિન્નભિન્ન થઈ ગઈ છે. દરેક મનુષ્યના વિચારો એક સરખા હોતા નથી. मुण्डे मुण्डे मतिर्भिन्ना એક જગત્નો નિયમ છે.

તો પણ જ્યારે જનસમૂહની સરખી ઉન્નતિનો પ્રશ્ન ઊઠ્યો હોય ત્યારે તો પોતાના અંગત મતને બાજુએ મૂકીને સમૂહના કાર્યમાં ભાગ લેવાની દરેકની ફરજ છે. આ પણ એક પ્રકારનું સંપબલ જ છે. જગત્‌માં જેવા સમયો પ્રાપ્ત થયા, તેવા તેવા સમયોમાં સમયાનુકૂલ ધર્મો થતા ગયા છે. એવા અનેકમાંથી જે ધર્મ કુલપરંપરાપ્રાપ્ત હોય અથવા રુચ્યો હોય તે ધર્મને સારી રીતે વળગી રહીને અન્ય ધર્મવાળાઓ સાથે પણ સ્નેહભાવથી વર્તન ચલાવવું જોઇએ. બીજાનું માનવું ખરાબ છે, એવા આવેશમાં ન આવતાં પોતાનું મત પોતાને માટે ઘણું જ ઉત્તમ છે, એવી ભાવના તરફ લક્ષ્ય આપવાથી કોઇ પણ ધર્મવાળાઓ તરફ તિરસ્કાર બુદ્ધિ નહિ થાય અને સંપબલ જળવાઈ રહેશે. કોઈ પણ મનુષ્ય જો ઉન્નત કાર્ય કરી રહેલો હોય તો તેનો ઉત્તેજન આપવામાં વિમુખ થવું ઉચિત નથી. તેમજ પોતાના ધર્મમાં રહેલી ભિન્ન ભિન્ન વ્યક્તિઓ પણ જૂદો જૂદો મત ધરાવે એ સ્વાભાવિક છે, એ કારણથી કોઈનાં સારાં કાર્યનો તિરસ્કાર કરવો કે તેને હસી પડવું એ ઉચિત નથી. ઉત્તમ કાર્યને તો સંપબલથી ટેકો જ આપવો જોઇએ. સંપની આવશયકતા તો ઘણી છે, અને સર્વ તેનો મુક્તકંઠે સ્વીકાર કરે છે; પરંતુ ઈર્ષ્યા આદિ સંપના દુશ્મનો મનોવૃત્તિને ઉલટે જ રસ્તે દોરી જાય છે. આવા દુશ્મનોના કાબુ હેઠળ જતાં પહેલાં ઘણો વિચાર કરવો આવશ્યક છે. મનમાંથી ઇર્ષ્યા, પરોત્કર્ષાસહિષ્ણુતા આદિ મલિન વિષયોને દૂર કરીને એક મત અને સલાહ સંપથી કાર્ય કરવામાં જ સ્વધર્મ, સ્વદેશ આદિની ઉન્નતિ છે. પોતે માર્ગનું રહસ્ય સમજીને તેનો ફેલાવો સ્વધર્મબંધુઓમાં કરવા માટે એકસંપથી કટિબદ્ધ થવું જોઇએ. આમ કરવામાં ચાલુ સમયના કેટલાક રિવાજો સ્વીકારવા પડે તો તે પણ સ્વીકારવા; પરન્તુ એટલું ખાસ ધ્યાનમાં રાખવું કે તે રીતિ-રીવાજો સ્વધર્મના નાશક ન હોવા જોઇએ. સ્વધર્મની લેશ પણ હાનિ ન થાય તેવા બીજાના વિચારો સ્વીકારવામાં કાંઈ બાધ નથી. આ તત્ત્વ ન સ્વીકારતાં ઘણી જ અવ્યવસ્થા થાય છે. આપણા મહાન્ સંપ્રદાયમાં તેના દાખલાઓ ઘણા દષ્ટિપથ થાય છે. સંપબલનાં તત્ત્વોનો અનાદાર કરવાથી જનસમૂહમાંનો એક ભાગ ઉત્તરમાં સિધારે છે ત્યારે એક ભાગ દક્ષિણમાં ગમન કરવા મંડી પડે છે! વસ્તુતઃ આવી અવ્યવસ્થા થવાનું કારણ સાંપ્રદાયિક સિદ્ધાંતોનું ગાઢ અજ્ઞાન જ છે. અખંડભૂમંડલાચાર્ય શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ જે મહાવિશાલ વિશ્વોદ્ધારક સિદ્ધાંતો પ્રકટ કર્યા છે, તે દૃષ્ટિ સન્મુખ રાખવાથી અવ્યવસ્થા દૂર થઈ જશે. એ સિદ્ધાંતોનો પ્રસાર કરવા તરફ સંપ્રદાયના નેતાઓ, વૃદ્ધ અનુભવીઓએ ખાસ લક્ષ્ય આપવું જોઇએ અને તેને માટે શ્રમ પણ લેવો જોઇએ એવું અમારું નમ્ર મત છે. જ્યારે નેતાઓ તે કાર્ય ઉપાડી લેશે, ત્યારે જનસમૂહ પણ સંપબલથી સુયંત્રિત થઇને ઉત્તમ કાર્યમાં ભાગ લેશે. અત્યારે જે ગાડરિયો પ્રવાહ ચાલે છે તે પણ બંધ થશે અને ચાલુ સમયમાં સંપ્રદાયની પૂર્વ સ્થિતિનો કાંઈક ખ્યાલ જનસમાજના મનમાં ઉદ્‌ભવશે.

‘ વૈષ્ણવધર્મપતાકા ’
વર્ષ-૨, અંક-૧૨

卐

'વિદ્યાપ્રચારની આવશ્યકતા'

આપણા સંપ્રદાયમાં શ્રદ્ધા–ભક્તિનો પ્રચાર જેટલો ઉન્નત થયેલો જોવામાં આવે છે, એટલો વિદ્યાનો પ્રચાર થયો નથી, આ મોટા દુઃખની વાત છે. પહેલાંના આચાર્યશ્રીઓ અને એઓશ્રીનું અનુસરણ કરવાવાળા કેટલા વિદ્વાન હતા, તે વાત એઓશ્રીના રચેલા વિશાળ સંસ્કૃત સાહિત્યથી સમજમાં આવી શકે છે. એ મહાનુભાવોએ જે ઉત્તમ તત્ત્વજ્ઞાનથી પરિપૂર્ણ અનેક ગ્રંથો લખ્યા છે, તેના રહસ્યથી સાંપ્રદાયિક જનસમુદાયનો મોટો ભાગ અપરિચિત છે.

સાંપ્રદાયિક ગ્રંથસાહિત્યની અજ્ઞાનતા હોવાથી શ્રદ્ધા–ભક્તિ આદિ સર્વ સંપત્તિ રહેવા છતાં પણ સમયાનુસાર સ્વધર્મનો આગ્રહ જેવો હોવો જોઇએ, તેવો નથી હોતો અને આ જ કારણથી સંપ્રદાય વર્તમાન કાળમાં–કેટલાક લોકોની દષ્ટિથી–નીચે ઊતરતો જઈ રહ્યો છે.

વિદ્યાનું અધ્યયન છૂટી જવાથી અને વિદેશીય વિદ્યાનો વ્યાસંગ થવાથી સંપ્રદાયનું રહસ્ય સમજવાવાળા આજકાલ વિરલા જ હશે. ધર્મનું જ્ઞાન થયા પછી પ્રતીત થશે કે, ધર્મ ઉપર ચાલવું તલવારની ધાર ઉપર ચાલવા બરાબર છે, અને એને માટે વિદ્યાની ઘણી જ આવશ્યકતા પડે છે.

કહેવામાં આવે છે કે, વર્તમાન કાળમાં વિદ્યાનો પ્રસાર વધી રહ્યો છે; પરંતુ એ વિદ્યા, વિદેશીય ધર્મ અને આચાર–વિચારો પ્રતિ જેટલું આકર્ષણ કરે છે, તેટલી સ્વધર્મ પ્રતિ પ્રીતિ ઉત્પન્ન કરતી નથી; પ્રત્યુત આપણી સ્વધર્મના ઉપર જે શ્રદ્ધા છે, તેને પણ ડગમગાવી દેનાર છે. તો એવી

વિદ્યાથી ધર્મોન્નતિ કેવી રીતે થઇ શકે ? ભગવાને ગીતાજીમાં આજ્ઞા કરી છે કે, स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः અર્થાત્ 'પોતાના ધર્મમાં રહેતાં મરણ થાય તે પણ કલ્યાણકારક છે; પરંતુ પરધર્મ તો ભયજનક જ છે.' જ્યાં સ્વધર્મને માટે એવો મહાન આગ્રહ હોય, ત્યાં સ્વધર્મથી અલગ કરવાવાળી વિદ્યાનો પ્રચાર કેવી રીતે ઈષ્ટ માનવામાં આવે ? આવી સ્થિતિમાં ધર્મનું ગૂઢ રહસ્ય બતાવવાવાળી વિદ્યાનો પ્રચાર વધારવાની અત્યંત આવશ્યકતા છે. ધર્મના નેતાઓએ પૂર્ણ રીતે વિદ્યાભ્યાસ કરી, જનસમુદાયને ઉત્તમ ઉપદેશ આપીને ધર્મનો પવિત્ર અને વિશાળ માર્ગ બતાવવાને માટે કટિબદ્ધ થવું જોઇએ.

સંપ્રદાયમાં વૈષ્ણવ કહેવડાવવાવાળા જનસમુદાયનો એક મોટો ભાગ, સંપ્રદાય ઉપર કટાક્ષ કરવાવાળાઓ ઉપર–કેટલાક અવસરો ઉપર–ચિડાઈ જાય છે અને તેમના ઉપર મનમાન્યા શબ્દોનો પ્રહાર પણ કરવા લાગી જાય છે; પરંતુ તેમને પોતાની ભૂલ લેશમાત્ર પણ દેખાતી નથી ! કેટલાય અવસરો ઉપર તો સંપ્રદાયની નિંદા, તેમની જ ભૂલને કારણે થયા કરે છે.

ધર્મ પ્રતિ પ્રેમ થવો જોઇએ. ધર્મગુરુ ઉપર પણ અંતઃકરણથી પૂજ્યભાવ રહેવો જ જોઇએ, એમ શાસ્ત્ર કહે છે.

> यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।
> तस्यैते कथिताः ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥

ઉપનિષદનો આ મંત્ર, ગુરુમાં ભગવદ્‌ભાવ રાખવાનું

કહે છે, આ સર્વપ્રકારની દૃષ્ટિથી અત્યંત ઉત્તમ કહી શકાય છે. પરંતુ આપણા સંપ્રદાયના અનુયાયીઓ તો આ સંબંધમાં સીમાનું ઉલ્લંઘન કરી ગયા છે! આપણા ધર્મના ઉચ્ચ પ્રકારના પ્રેમી તો પોતાના પ્રેમનો પ્રવાહ, માનો પૂરની જેમ વહાવી દે છે અને એ પ્રવાહમાં પોતાના ધર્મના સિદ્ધાંતો રૂપી રત્નોને પણ વહી જવાની એના મનમાં કોઈ પરવા નથી હોતી! આવી રીતથી ધર્મ, પ્રેમની મર્યાદાથી બહાર પ્રકટ થવાથી ધર્મનેતા અને ધર્મની નિંદા થાય છે. અમે આશા રાખીએ છીએ કે, સંપ્રદાયના એવા ભલાભોળા ધર્મ-પ્રેમી, પોતાના હૃદયમાં રહેલા પ્રેમના પ્રવાહને વ્યર્થ નહીં જવા દે! આ સ્પષ્ટ કથન, ઘણાને કડવું લાગશે; પરંતુ જે હિત ચાહવાવાળા હશે, તે જ કટુવચન કહેશે; બાકી બીજા 'હા,જી હા' કરવાવાળા તો કહેશે કે, 'થવા દો; આપણું શું જાય છે?'

મહાકવિ ભારવિએ યથાર્થ જ કહ્યું છે કે, हितं मनोहारि च दुर्लभं वचः 'હિત કરવાવાળું તથા મનોહર વચન તો દુર્લભ જ હોય છે.' આ વાત શ્રદ્ધાળુ વૈષ્ણવોએ ભૂલી ન જવી જોઇએ. પોતાને, પોતાના ધર્મના ઉપહાસના કારણ બનવાના કાર્યોથી અલગ રહેવાનો યત્ન કરવો જોઇએ.

અન્ય સંપ્રદાયવાળા સમયાનુસાર પોતપોતાના સંપ્રદાયની ઉન્નતિને માટે કેવો પ્રયાસ કરી રહ્યા છે, તેના પ્રતિ નેત્ર મૂંદી ન રાખતાં, તેમની પાસેથી પણ ઘણી વાતો શીખી લઇને પોતાના ધર્મની નિંદા ન થાય, તેનો ઉપાય કરવો જોઇએ.

સંપ્રદાયના પૂર્વ ઇતિહાસ તરફ દૃષ્ટિપાત કરવાથી જાણવામાં આવે છે કે, એ સમયે શ્રદ્ધા તથા પ્રેમની સાથે સંપ્રદાયના રહસ્યનું જ્ઞાન કેવું ઉત્તમોત્તમ હતું! સંપ્રદાયના રહસ્યની જિજ્ઞાસા કેટલી વધેલી હતી! જિજ્ઞાસુઓના પ્રશ્નોનું સંતોષપૂર્ણ સાધન પણ કેવું હતું! અત્યંત ખેદની સાથે કહેવું પડે છે કે, આ સમયે એ સર્વ વાતો અસ્ત જેવી થઈ ગઈ છે, એવી સ્થિતિમાં પરિવર્તન કરવા માટે વિશેષ પ્રયાસોની આવશ્યકતા છે. એવા પ્રયાસ કરવામાં આવશે, ત્યારે જ જનસમૂહની ધાર્મિક શ્રદ્ધા રક્ષિત રહી શકશે; અન્યથા નહીં.

અખંડ ભૂમંડલાચાર્યવર્ય શ્રીઆચાર્યચરણોએ ભૂમિનું ત્રણ વાર પર્યટન કરી, પોતાનો સંપ્રદાય સ્થાપિત કર્યો છે. આપશ્રીએ તેમજ આપશ્રીના વંશજ મહાનુભાવોએ તથા અન્ય એઓશ્રીના અનુયાયીઓએ લાખો શ્લોકોનું સાહિત્ય, જિજ્ઞાસુઓને માટે રચ્યું છે. તે અધિકારાનુસાર વૈષ્ણવોમાં પ્રચલિત થાય, તેવા પ્રયાસ થવા જોઇએ. પ્રયત્ન તો કરવા જ જોઇએ. સાધારણ લૌકિક કાર્યોમાં પણ પરિશ્રમથી સફળતા પ્રાપ્ત થાય છે, ત્યારે આ સંબંધમાં પણ જો પરિશ્રમ કરવામાં આવશે, તો અવશ્ય સફળતા પ્રાપ્ત થશે.

આજકાલ સંસારની પ્રવૃત્તિ વિશેષ કરીને અન્ય કાર્યોમાં વધી ગઈ છે; તથાપિ થોડોક સમય કાઢીને ધર્મકાર્યને માટે પણ પ્રતિજ્ઞા કરવી જ જોઇએ. અન્ય સંપ્રદાયવાળાઓનાં જે જે કાર્ય યોગ્ય લાગે તેનું પણ અનુકરણ કરવું જોઇએ. એમ કરવાથી કાંઇ ને કાંઈ સ્વધર્મનો લાભ થશે જ. नहि कल्याणकृत्कश्चिद् दुर्गतिं तात गच्छति । એવી ભગવદાજ્ઞા છે.

स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् । એવી સ્થિતિ પ્રાપ્ત થઈ છે. સંપ્રદાયના સંબંધમાં આ રીતે પૂર્વકથનાનુસાર પ્રાસંગિક ઉદ્ગાર આ કાળમાં લેવા યોગ્ય છે.

વાચકોના હૃદયમાં આ વાત આવી જશે, તો ધર્મની ઉન્નતિ કરવાને અવશ્ય પ્રેરિત થશે. વિશેષ, આગળ ઉપર લખવાનો વિચાર કરીને આ સમયે તો અહીં જ વિશ્રામ લઈએ છીએ.

— 'श्रीकृष्ण' (वचनामृत-अंक)

'વિચારણીય ગંભીર પ્રશ્નો'

૧–લાખોની સંખ્યા ધરાવતો વૈષ્ણવ સમાજ ત્યારેજ સુસંગઠિત બને કે જ્યારે અમે ગોસ્વામિબાલકો ખરા વૈષ્ણવ બનીએ; વૈષ્ણવ જીવન જીવીને વૈષ્ણવ તરીકે રહીને આત્મભોગ આપીએ; સ્વામીપણાનું અભિમાન અને મિથ્યા-વાસુદેવત્વ છોડીએ; વૈષ્ણવ સમાજ સાથે હાથ મિલાવીને કાર્ય કરીએ. તો અમારું ગૌરવ નષ્ટ થવાને બદલે વૃદ્ધિ પામશે. દશદિગંતવિજયી શ્રીપુરુષોત્તમજી મહારાજ જણાવે છે કે– "અમે સાક્ષાત્ આચાર્ય કે ગુરુ નથી; પરંતુ ગુરુદ્વારભૂત છીએ. પોતાના વાસ્તવિક સ્વરૂપમાં રહીને બાળકો કાર્ય હાથમાં લેશે ત્યારે જ ગો. બાળકોનું અને વૈષ્ણવસમાજનું કાર્ય સફલ થશે.

૨–સંપ્રદાયના તથા સમાજજીવનમાં તો જ આવી શકે કે જ્યારે ગો. બાલકો, વૈષ્ણવો, શાસ્ત્રીઓ સાથે મળીને સંકુચિત વિચારો છોડીએ, સિદ્ધાંતોમાં બાધ ન આવે તથા પ્રાચીન સંસ્કૃતિ નષ્ટ ન થાય તેટલા પ્રમાણમાં ઉદારતા બતાવીએ.

૩–સિદ્ધાંતોને ઝાંખપ ન લાગે તેવાં પરિવર્તનો કરવા માટે તો અમુક ગો. બાલકો, શાસ્ત્રીવર્ગ, ગ્રેજ્યુએટ, વૈષ્ણવ-વર્ગ અને અમુક જાણીતા ભટ્ટવર્ગ, આ બધાય ભેગા થાય, અને પછી વિચારો કરે અને છેવટ જે નિર્ણય થાય તે જ ઉત્તમ રહેશે એમ મારું માનવું છે.

૪–વૈષ્ણવ તેમજ શ્રીમદાચાર્યવંશજો પ્રાચીન સમયના ઇતિહાસ મુજબ એકમેકના પૂરક તો જ બની શકે જ્યારે શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને સાત લાલજીના સમયનો

અભ્યાસ કરીને સંગઠન કરે. જુઓ; શ્રીગુસાંઇજીના સેવકોને સાત લાલજીઓ ભગત્વસ્મરણ લખે છે:– पदकृद्गोविंददासादिषु भगवत्स्मरणं બન્ને એક બીજાના સ્વરૂપને સમજે. પોતાની આચાર્યકુલપરંપરા, આહારવિહાર, વેશભૂષા, પ્રાચીન સંસ્કૃતિ આદિ વસ્તુનો વિચાર કરીને જ બધા ચાલે તો જ પરસ્પર પૂરક બની શકે.

૫–ગો. બાલકો અને વૈષ્ણવો પોતપોતાના સ્વરૂપને સમજી લે એ ઘણું જ કઠિન છે. હજુય વૈષ્ણવો તો સમજે, પરંતુ ગો. બાલકો ન સમજે. એમાં જે કારણો છે તે આ રહ્યાં:– અત્યારના આ સમયની અંદર ગો. બાલકોની સ્થિતિ પ્રાયઃ એવી બની ગઈ છે કે દરેક સ્થલે જુદીજુદી લીલાઓ દેખાય છે. એક બાલક બીજાને કહી શકે તેમ નથી; તો વૈષ્ણવો તો કેમ કહી શકે ? કારણ કે તેઓ એમ સમજે છે કે અમે જીવ છીએ, અમારો કહેવાંનો અધિકાર શું છે? અને શાસ્ત્રીવર્ગ તો નોકર છે, માટે માલિકને ક્યાં સુધી કહી શકે ? તેવી જ રીતે ભટ્ટ વર્ગ પણ પરાધીન છે. અને એક વર્ગ વૈષ્ણવોનો એવો છે કે તેને ગો. બાલકોના નામથી સૂગ ચડે છે અત્યંત અભાવની દૃષ્ટિથી તે જુએ છે. આવી પરિસ્થિતિમાં અમારી ગો. બાલકોની સૂડી વચ્ચે સોપારી જેવી પરિસ્થિતિ છે. જ્યાં મોટામોટા ગો. બાલકો પણ બોલતા નથી, ત્યાં અમારા જેવા શું કરી શકે ? નગારાના અવાજમાં તતૂડીનો અવાજ કોણ સાંભળે ? વળી કેટલાક ગો. બાલકોની આર્થિક પરિસ્થિત પણ ગંભીર હોય છે. ત્યારે મનમાં ત્વરા હોય તો પણ શું કરી શકે ? આવી કેટલીક વિટંબણાઓને લઈને બનવું ઘણું અશક્ય છે. અને બને તો શ્રીમદાચાર્યચરણની મહાકૃપા સમજવી. આ પ્રશ્ન બાબત રૂબરૂ મને મલીને

પૂછવાની ઇચ્છા હશે તો વિશેષ ખુલાસાથી જણાવીશ. અને ભૂલ હશે તો કબૂલ કરીશ.

૬–ઉપર લખેલી હકીકત મુજબ જો સંગઠન થાય તો ત્યારપછી દરેક મોટામોટા સ્થલમાં યુનિવર્સિટી, કોલેજો, આશ્રમો વગેરે સ્થપાય, તેને માટે એક કમીટી મળીને કાર્યક્રમ ગોઠવે. આ કાર્યમાં તનમનથી યથાશક્ય કાર્ય કરવા હું ઉત્સુક છું. હું અંતર્યામી ઈશ્વર નથી. હું તો શ્રીઆચાર્યચરણ અને મહદ્ભગવદીયોનો દાસાનુદાસ છું. આમાં ત્રૂટી હોય તો અવશ્ય જણાવશો.

[નવપ્રકાશ–સં. ૨૦૦૬]

'વિશ્વપ્રાણેશને પ્રાર્થના'

નાથ ! કયી ભાષામાં આપનાં ગુણગાન કરીએ ? અખિલ વિશ્વની સર્વ ભાષા અપૂર્ણ ભાસે છે. આપની અદ્વિતીય ભવ્યતા અને મહત્તા, આપનું એ દિવ્ય રસપૂર્ણ સ્વરૂપ; એનાં વર્ણનો કરવાનું સામર્થ્ય કયી દુન્યવી ભાષામાં છે ?

કૃપાપીયૂષપારાવાર ! આપનું અનુભવૈકાસ્વાદ્ય સ્વરૂપ ! આપના અનંત દિવ્ય ગુણો ! આપની નિરોધ સિદ્ધ કરનારી લીલાઓ ! આ સર્વ મન અને વાણીથી અગોચર છે. મન અને વાણી પાંગળાં છે. આપનાં સ્વરૂપ ગુણ અને લીલા સુધી પહોંચવાની શક્તિ તેનામાં ક્યાંથી હોય ? ભાષાથી વાણી વ્યક્ત થાય છે, પણ સ્વયં અપૂર્ણ ભાષા પૂર્ણાનંદનાં સ્વરૂપને, ગુણોને અને લીલાઓને કયી રીતે વૃક્ષ–વેલીન્યાયે લપેટી શકે ?

શ્રીગોપીજનપ્રાણવલ્લભ ! કરીલ વૃક્ષ શું આંબાનાં ફળ આપી શકશે ? નેત્રહીન પાંગળી ભાષા આપની અનુપમ રસમાધુરીનો રસાસ્વાદ કેવી રીતે માણી શકે ? રસના વિનાની મૂક ભાષા આપનો રસ માણી શકે ? રસના વિનાની મૂક ભાષા આપના રસપૂર્ણ દિવ્ય ગુણોનું વર્ણન કયી રીતે કરી શકે ?

હે પૂર્ણગુણવિગ્રહ ! આપના અનંત ગુણો, ચરિત્રો અને લીલાઓની ગણના કરવા બેસનારો ખચિત જ દયાપાત્ર અજ્ઞાની છે ! માનવી કે ઇતર યોનિમાં જન્મેલો કોઇ સમર્થ આત્મા કદાચ સમુદ્રમાં ઊઠતી લહરીઓ ગણી શકે; નિખિલ બ્રહ્માંડના સર્વ પ્રાણીઓની રોમાવલી કદાચ ગણવામાં સફલપ્રયત્ન બને; પૃથ્વીનાં રજ:કણો અને સમુદ્રના જલબિંદુઓ પણ કદાચ ગણી લે; છતાં આપના અનંત અને અસંખ્ય ગુણોની ગણના તો સર્વથા ન જ કરી શકે. આપના ગુણો અપરિમિત છે. આપનાં ચરિત્રો અપાર છે. આપની લીલા અચિંત્ય છે. આપની કૃતિ અતકર્ય છે. આપનું સ્વરૂપ તથા લીલા ગુણાદિ, એ સર્વની ગણના, સંખ્યા, પરિમાણ, ચિંતન આદિ જીવશક્તિની બહારની વાત છે.

હે લીલારસસુધોદધિ ! આપનાં અનંત ચરિત્રો અભિવ્યક્ત કરવા વાણી અસમર્થતા જ પ્રકટ કરે છે. ક્ષણભંગુર દેહ ધારણ કરનાર માનવી આપના ગુણગાન કરવા માગતો હોય તો તે કરવામાં પોતાની ખુલ્લી રીતે અશક્તિ પ્રકટ કરે તેમાં જ તેની શોભા છે. નહિંતર સમુદ્ર તરવા નીકળેલી અપંગની જેમ ઉપહાસાસ્પદ બને. અનંતના અનંત ચરિત્રો ગાવા માટે અનંતતાના આવેશ આવશ્યક છે.

હે સંગીતસાગર ! આપના અવ્યક્ત ગણાતા વેણુનાદે તો ચેતન સૃષ્ટિને જડ જેવી કરી નાખી અને જડ સૃષ્ટિને ચેતનવંતી બનાવી. અઘટિત ઘટના તે આનું નામ ! આપ ચાહે તે કરી શકો છો !

હે વ્રજપ્રાણવલ્લભ ! જડ સૃષ્ટિને વેણુનાદથી ચેતનવંતી કરી તો હવે જડતા દૂર કરતાં આપને કેટલી વાર લાગે ? જડતા હડસેલાતાં, રસમય ચેતનના પ્રકાશ ફેલાતાં આપના

ગુણગાનનો દિવ્ય ધ્વનિ ચોમેર સંભળાય. આવા મનોરથો આપના વિના કોણ પૂરી શકે ?

હૃદયેશ ! અંતર્યામીની પ્રાર્થના હોય ? જો થાય તો અવિશ્વાસનો અંશ ઓળખાય ! આ જોખમ ખેડીને પણ 'આ બદનામી ઓઢીને પણ જીવ તુચ્છ બુદ્ધિથી આવા કાલાવાલા કરી બેસે છે. શ્રીમદ્વલ્લભાધીશ્વરની સિફારિશનું બળ છે, તે બળે આ પ્રાર્થના છે ! નિંજેચ્છાતઃ પ્રકુર્વંત !

બાકી, અમે તો છીએ “ભલે બુરે તોઉ તેરે.”

[નવપ્રકાશ - સં. ૨૦૦૭]

‘ભક્તિનો પ્રભાવ’

પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ–આ ચાર વસ્તુ મુખ્ય છે. સાધન અને ફલ શું છે ? એ જાણવાની જરૂર છે. જપ, તપ, સંયમ, વ્રત, દાન, પુન્ય આ બધું સાધન. અમુક સાધન કરો અને અમુક ફલની પ્રાપ્તિ થાય; પરંતુ સાધન એ ફલ માટે પૂરતું છે ? ફલ તો એ કહેવાય કે, સ્વતંત્ર રીતે પણ એને ઉપયોગમાં લઈ શકાય. આ ફલ ફલિત ક્યારે થાય ? “ફલ ફલિત હોય ફલરૂપ જાને...” આ ફલ. હવે નિગમ એટલે વેદ, તે એક કલ્પતરુ છે. “ગલિત’ એટલે બહુજ ગળેલ અથવા પૂરેપૂરી રીતે પરિક્વ થયેલ મિષ્ટમાં મિષ્ટ ફલ. આમ પૂરેપૂરું વૃક્ષમાં રહીને પાકેલ હોય અને પછી તે ફળને પોપટ ચાંચ મારે તો તે ફલનો સ્વાદ અમૃત જેવો થાય. ચાંચ મારેલ ફલમાં વધારે મીઠાશ ઉત્પન્ન થાય છે. આવી રીતે આ ભાગવત એ કલ્પતરુરૂપી વેદનું પકવ થયેલ ફલ અને તે ફલને ફલિત કરનાર શ્રી શુકદેવજી છે. તે ફલને શ્રી શુકદેવજીએ ચાખેલ છે.

આસ્વાદિત કરેલ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, આ મિષ્ટ ફલ તૈયાર છે. પણ એ ફલ તમને કોઈ ચખાડનાર ન હોય તો ? એનો આસ્વાદ તો રસ પીવરાવનાર હોય તો જ મળે. ફલને લઈને મોકલનાર કે બતાવનાર તો કોઈ જોઈએ ને ! એટલે શ્રી શુકદેવજીનાં મુખારવિંદથી આસ્વાદિત થયેલ ફળ, પરમનિધિ શ્રી મહાપ્રભુજીએ આપણને બતાવ્યું છે, ચખાડયું છે.

એક પ્રસંગ યાદ આવે છે. માતૃચરણ શ્રી યશોદાજી દધિમંથન કરી રહ્યા છે. અને સુતનાં ગુણ ગાઈ રહ્યાં છે. આ શું બતાવે છે ? શ્રીયશોદાજીએ પોતાનાં જીવનની અંદર

ઊતરીને બતાવ્યું છે કે, ભગવદ્‌ભક્તોનો ગૃહસ્થાશ્રમ પણ અલૌકિક હોય છે. બાલકને જે પ્રિયમાં પ્રિય વસ્તુ હોય એ તમે આપો કે કેમ ? માતૃચરણ યશોદાજી દધિમંથન કરતાં કરતાં શ્રી ઠાકોરજીનાં ગુણગાન કરે છે. કંકણનાં ઝણઝણાટનો અવાજ થઈ રહ્યો છે. શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ ખુલાસો કરેલ છે કે, ગૃહસ્થાશ્રમ કરો અને પુત્ર પ્રાપ્તિની ઇચ્છા થાય તો ભાવી પુત્ર ભગવદ્‌ભક્ત થાય એવી માગણી કરવી જોઇએ. ૨૫૨ અને ૮૪ વંચાય છે; પણ આપણે સાર ક્યાં ગ્રહણ કરવો છે ? એક વર્તમાન સત્ત્વસ્તુનું દૃષ્ટાંત આપું છું.

રાજસ્થાનમાં “આગર” ગામ છે. તેની અંદર એક મુનશી કુટુંબ રહે છે. ભગવદ્‌ભકતોનાં ગૃહસ્થાશ્રમની તથા મારા જાત અનુભવની આ વાત છે. ૧૮૫૭નો બળવો જાગ્યો ત્યારે અંગ્રેજ સૈનિકો પ્રજાને લૂંટવા લાગ્યા. જેથી લોકો પોતપોતાની કિંમતી વસ્તુઓ લઇને નાસભાગ કરવા લાગ્યા ત્યારે આ મુનશીજીએ શું કર્યું ? સાંભળો. કેવો સુંદર પ્રસંગ છે ? મુનશીજી તેમનાં સેવ્ય સ્વરૂપને કંઠે લગાવીને ભાગ્યા અને જતાં જતાં ઘર આગળ કહેતા ગયા કે, હું મારા પ્રભુને લઇને જાઉં છું તમે તમારી ઇચ્છા હોય તે સાચવજો, જે થવાનું હશે તે થશે હું તો જાઉં છું. ચાલતા ચાલતા રસ્તામાં એક લુચ્ચો માણસ મળ્યો, તેણે મુનશીજીને પૂછયું એય, ઇસમેં કયા હૈ ? મુનશીજીએ બે–ધડક કહ્યું, ભાઈ ! અહીં તો ગુમડું થયું છે. પરૂ અને લોહી વહ્યાં જાય છે. મુનશીજી જેમ ના પાડે તેમ તેમ પેલાને વહેમ વધતો જાય. પહેલાએ જટકો માર્યો કે લોહી અને પરૂની ધાર થઈ. અબે, કૈસા ગન્દા હો, ભાગ ભાગ યહાઁ સે.” મુનશીજીને થયું કે, ઓહો પ્રભુ ! મેં

આજ આપને કેટલો પરિશ્રમ આપ્યો છે ! ત્યાંથી તે પન્નાલાલજી મહારાજશ્રી પાસે જાય છે. અને કહે છે, કૃપાનિધિ ! હું આજ મોટા અપરાધમાં આવ્યો છું. એમ કહી બનેલી સર્વ હકીકત કહી સંભળાવી. આ હકીકત સાંભળતાં જ મહારાજશ્રી તેમને ભેટી પડયા અને કહ્યું કે, મુનશીજી ! તમે તમારી ફરજ બરાબર બજાવી છે. કારણ કે બીજાઓ ચલિત ધન દોલત લઇને ભાગ્યા છે, ત્યારે તમે તમારું સર્વસ્વ અને અવિચલ ધન શ્રી પ્રભુને કંઠે લગાવીને ચાલ્યા ! મુનશીજી ! હું તમારી ઉપર ખૂબ જ પ્રસન્ન થયો છું. તમે કાંઈક માગો. ઓહો ! હે પ્રભુ ! તમે મને જે આ વસ્તુ આપી છે તેનાંથી વિશેષ ઉત્તમ બીજી કઈ વસ્તુ હોઇ શકે ? તમારે કાંઈ તો માગવું જ પડશે. ત્યારે મુનશીજી કહે છે. “હે પ્રભુ, જો આપ મારા ઉપર પ્રસન્ન થયા હો તો મને એવું વરદાન આપો કે, મારા ઉપર તથા મારા કુટુંબ ઉપર સદાય વલ્લભકુલની કૃપા રહે.”

આજે હજુ પણ તેના વંશજો છે. અને “એમ. એ. એલએલ. બી.” થયેલાઓ પણ ભગવદ્ ધર્મપરાયણ રહે છે. તેનાં બાળકોનાં સંસ્કાર પણ પુષ્ટિસંપ્રદાયને શોભાવે તેવા છે. તેમનાં એક બાળકને ટાઇફોઈડ થયેલ અને ડોકટરે ફકત મગનું પાણી અને ભાત ખાવાની હા પાડી હતી. જ્યારે નહાવાની સખત રીતે મનાઇ કરેલી હતી. બાળકે સ્નાન કર્યા સિવાય જમવાની ના પાડી. ગમે તેટલું સમજાવે તો પણ જમે નહીં. ત્યારે ઘરનાં માણસો મને કહેવા આવ્યા કે, આ બાળકને ટાઇફોઇડની અસર છે, અને તે નાહ્યા વગર જમવાની હા નથી પાડતો, માટે આપ તેને સમજાવો. જ્યારે બાળકને મેં

ભોજન કરવા કહ્યું. ત્યારે શું જવાબ આપે છે, સાંભળો. ગુરુદેવ ! આપ મને આજ્ઞા કરશો તો હું જમીશ, પણ મારા માતા પિતા રોજ મને સ્નાન કરીને જ જમવાનું કહે છે; છતાં આજે શા માટે ના પાડે છે ? મેં બાળકની ભાવના જોઈ અને કહ્યું, તમે બાળકને સ્નાન કરાવો અને પછી પ્રસાદ આપો. બાળકનો વાંકો વાળ થાય તો હું બેઠો છું. તમે જુઓ શ્રદ્ધા કેવું અજબ કામ કરે છે.

હવે એક બીજો દાખલો માંગરોળવાળા હરિભાઈ ભગવદ્ ભક્ત થઈ ગયા. તેનો સાંભળો. ત્યાં તો મુસલમાન રાજ્ય અને વિઘ્નસંતોષી લોકોએ રાજાને ફરીયાદ કરી; સાહેબ ! હરિભાઈ ત્રિપુંડ અને રૂદ્રાક્ષ નથી લગાવતા. માટે આપ એમને હુકમ કરો કે, તેઓ ત્રિપુંડ અને રૂદ્રાક્ષ લગાવીને આવે. આથી રાજાએ હરિભાઈને હુકમ કર્યો કે તમારે આવતી કાલથી મસ્તક ઉપર ત્રિપુંડ લગાવવું અને ગળામાં રૂદ્રાક્ષ ધારણ કરી સભામાં આવવું. બીજે દિવસે હરિભાઈએ ખૂબ સેવા કરી. મસ્તક ઉપર ઊર્ધ્વપુંડ કાઢી ગળામાં તુલસી માળા ધારણ કરી. અને પેટ ઉપર ત્રિપુંડ લગાવી રૂદ્રાક્ષ.માળા પેરી દરબારમાં ગયા. રાજાએ પૂછ્યું, કેમ હરિભાઈ ! ત્રિપુંડ ન લગાવ્યું ? જી, સરકાર ! આ રહ્યું. આ શું ? હરિભાઈએ કહ્યું નામદાર ! મસ્તક ઉપર ગુરુદેવને અર્પણ કરેલ છે. અને પેટ ભરવા માટે નોકરી કરું છું, માટે ત્રિપુંડ તથા રૂદ્રાક્ષ પેટ ઉપર ધારણ કરેલ છે. હવે આપણે નોકરી કરવી નથી અને કાલથી મારું રાજીનામું છે. હરિભાઈની દઢતા જોઈ રાજા ખુશી થયો અને હરિભાઈને ૫૦૦ મહોરો ઈનામમાં આપી.

કહેવાનું તાત્પર્ય એ છે કે, શ્રી મહાપ્રભુજી તથા ભગવદ્ ભક્તોએ ઉત્સવો વિગેરે રચીને પોતે આચરણમાં મૂકીને આપણને આચારમાં મૂકવાનું કહ્યું છે. શ્રી આચાર્યચરણે માત્ર ધોતી–ઉપરણાથી મોગલ સામ્રાજ્યની અંદર પર્યટન કર્યું છે. આપશ્રીને જેમ જેમ શ્રી પ્રભુની આજ્ઞા મળી તેમ તેમણે કર્તવ્ય કરી આપણાં માટે તેઓશ્રીએ ગ્રન્થોની રચના કરી છે. મનસા, વાચા, કર્મણા તેમ ત્રણે પ્રકારે આ વસ્તુ આચરણમાં લેવાની છે. વાણી, આચરણ અને જીવન નોખાં ન હોવાં જોઈએ. ગૃહસ્થાશ્રમમાં પણ આપણું આચરણ કેવળ ભગવત્ મયજ હોવું જોઈએ. ૮૪ અને ૨૫૨ માં આ પ્રસંગ તમે જોઈ ગયા છો.

હવે એક સુંદર પ્રસંગ છે. શુકદેવજીને એક વખત શંકા ઉત્પન્ન થઈ કે જનકરાજા વિદેહી કહેવાય છે. વિદેહી એટલે જીવતાં હોવા છતાં જીવનમુક્ત. જે જીવનનો બધો સમય ભગવાનને અર્પણ કરે, એટલે જીવન ભગવન્મય બની જાય, તેને જ જીવનમુક્ત કહેવાય. શુકદેવજીને શંકા ઉત્પન્ન થઈ કે જનક વિદેહી કેમ કહેવાય ? એને તો આ પૃથ્વીનું મોટું રાજ્ય, નોકર ચાકર, સૈન્ય, અને વળી પોતે સંસારી છે. તેને વિદેહી કઈ રીતે કહી શકાય ? આટલી બધી વસ્તુમાં ભગવત્ સ્મરણ કરવા જેટલો સમય તેમને ક્યાંથી મળી શકે ? ચાલ, ત્યાં જઈને ખાત્રી કરું. શુકદેવજી જનકના નગરની અંદર આવે છે. રાજાને ખબર આપી કે શુકદેવજી આવ્યા છે. આ સાંભળી તુરત જ જનક રાજાએ તેઓની સામે જઈને પોતાના મહેલમાં લાવ્યા. અને દીનતાપૂર્વક કહેવા લાગ્યા કે, ઓહો ! મારાં અહો ભાગ્ય ! આજે આપ મારે ત્યાં પધાર્યા, આપે મારા ઉપર કૃપા કરી, મારા રાજ્યને પાવન કર્યું છે.

હવે આપને મારી એક વિનંતી છે. આપે મને લાભ આપ્યો, પણ તેથી મારી પ્રજાને શું ફાયદો ? એટલે ગામમાં આપની પધરામણી કરાવવી છે. જનક રાજા મહાન ભક્ત હતા. તે સમજી ગયા હતા કે શુકદેવજી મારી પરીક્ષા કરવા માટે આવ્યા છે. રાજાએ આખા નગરમાં જાહેરાત કરાવી દીધી, શુકદેવજી પધાર્યા છે માટે દરેકે પોત પોતાનાં મકાનો શણગારવા. રસ્તા પણ શણગારવા માટે રાજ્ય તરફથી હુકમ કરવામાં આવ્યો. રાજા કહે છે, ભગવાન ! આપે આ જલપાન આપના કરમાં રાખવાનું છે. જો એમાંથી એક પણ બિન્દુ નીચે પડશે તો આ સિપાઈ આપનો શિરચ્છેદ કરશે. મુનિએ જાણ્યું જે જલનું એક પણ બિન્દુ પૃથ્વી ઉપર પડે તો આપણી સલામતી ભયમાં છે. એમ સમજી પાત્ર બરાબર હાથમાં રાખી જલનું એક પણ બિન્દુ નીચે ન પડે તેમ રાખી ગામમાં ફર્યા ત્યાર પછી પાછા ફરતાં રાજા કહે છે. લોકોએ શણગાર તો બરાબર કર્યો 'તો ને ? મુનિ કહે છે, શણગાર ? શણગાર અહીં જોયો છે જ કોણે ? ઠેકાણે ઠેકાણે મેં નગર શણગાર જોવાને બદલે જલપાત્રમાં નજર રાખેલ. જનકે દીનતા પૂર્વક કહ્યું. મહારાજ ! હવે આપની શંકાનું સમાધાન થયું ? મુનિ તરતજ સમજી ગયા, અને બન્ને ગદ્‌ગદિત થયા. જનકે કહ્યું, મહારાજ ! આપે સવારીમાં ફરવા છતાં જે મનને પાત્રમાં તલ્લીન રાખ્યું, તેમ હું પણ આ વિશાળ રાજ્યનો વહીવટ કરું છું; છતાં મારું મન મેં શ્રી પ્રભુના ચરણારવિંદમાં દૃઢ રાખેલ છે.

જ્યારે વિદ્યાર્થીને ભણતરની શરૂઆત કરાવવામાં આવે છે ત્યારે માસ્તર તેમનો હાથ પકડીને એકડો ઘૂટતાં શીખવાડે

છે. કારણ કે, તે સ્વતંત્ર રીતે લખી શકે એવી સ્થિતિમાં નથી હોતો એને એકડો ઘૂંટવાની જરૂર છે, જ્યારે અનેક વખત એક જ અક્ષર ઘૂંટે છે. ત્યારે તે સ્વતંત્ર રીતે લખી શકે છે. આમ્ કરતાં તે મેટ્રિક સુધી પહોંચે છે. પણ જ્યારે તેનાથી ઉપર જાય છે એટલે પછી તેને પોતાને જ એમ થાય કે, મારે ભણવું જોઈએ. મારું લેસન નિયમિત કરવું જોઈએ. નહીંતર વર્ષ બગડશે. આમ ભણવાની ઉપાધિ વિદ્યાર્થી પોતે ઉઠાવી લીયે છે. જ્યારે તે પહેલાં શિક્ષક તમારી ઉપાધિ રાખે છે. એટલે કે વિદ્યાર્થીને આગળ વધારવા માટે શિક્ષક મહેનત કરે છે, જેઓ એકડો ઘૂંટવામાં પ્રથમથી જ ધ્યાન નથી આપતા, તેઓ આગળ વધી શકતા નથી. જ્યારે અહીં પણ એમ જ છે. હજુ તો આપણે એકડો પણ ઘૂંટ્યો નથી. એટલે કે સ્વતંત્ર રીતે આગળ વધી શકીયે એમ નથી. એવા સંજોગોની અંદર અન્ય વસ્તુઓમાં મન નહીં રાખતાં હંમેશાં ભગવત્ સ્મરણ કરો અને કૃપાનિધિ શ્રીમહાપ્રભુજીએ બતાવેલા સિદ્ધાંતને આચરણમાં મૂકશો, તો પ્રભુ અવશ્ય સહાય થશે. એ જ.

[સં. ૨૦૧૩ – 'સત્સંગ']

"આચરણ"

આપણે જેટલો સમય ભગવાનના ગુણાનુવાદ કરીએ, તેટલો સમય સફળ ગણાય. પુષ્ટિમાર્ગ એટલે કૃપા માર્ગ. पोषणं तदनुग्रहः । પ્રભુનો અનુગ્રહ તે પુષ્ટિમાર્ગ. કેવળ કૃપાથી સિદ્ધ થતો માર્ગ એ પુષ્ટિમાર્ગ. પ્રભુનું સ્વરૂપ રસાત્મક છે. પ્રભુ જે જીવનું વરણ કરે, એટલે પોતાના તરફ ખેંચે, તેને તે પ્રાપ્ત થઈ શકે છે. આપણે શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય રાખવો જોઈએ. બ્રહ્મસંબંધ શા માટે લીધું ? જવાબ: (૧) અમારા વડીલો લે છે, તેથી લીધું છે; (૨) આત્માનું કલ્યાણ કરવા લીધું છે. આવી જાતના અનેક જવાબો વૈષ્ણવો આપે છે. વૈષ્ણવોએ બ્રહ્મસંબંધનું રહસ્ય સમજવું જોઈએ, તે પ્રમાણે જીવનમાં ઉતારવું જોઈએ. સ્વર્ગ એ ભોગભૂમિ છે. પુણ્ય જ્યાં સુધી હોય, ત્યાં સુધી સ્વર્ગ વગેરે સ્થાનોમાં રહી શકાય છે. પુણ્ય પૂરું થાય એટલે ફરીથી જન્મ લઈ શુભ કર્મો કરી ઉત્તમ ગતિ પ્રાપ્ત કરે છે. જગત્ ઈશ્વરે બનાવ્યું છે, પ્રભુની કૃતિ છે, આથી જગત સત્ય છે. સંસાર જીવે બનાવ્યો છે. અહંતા અને મમતા—એ બે સંસારનાં કારણો છે. મનુષ્યે બનાવેલો સંસાર મિથ્યા છે. મનુષ્યનું શરીર દુર્લભ છે. તેની પૂરેપૂરી કિંમત આંકી ધર્મનું આચરણ કરવું, માનવશરીરનો સદુપયોગ કરવો. આપણે શા માટે પ્રભુનાં દર્શન કરીએ છીએ ? મનને આનંદ મળે તે દર્શનનું મુખ્ય ફળ છે. "નયનવંત કો યે હી પરમ ફલ" વેણુગીતનાં શ્રીસુબોધિનીજીમાં ભગવાને સુંદર શૃંગાર ધારણ કર્યો તેનું વર્ણન છે.

શ્રીગોપીજનોને આ સ્વરૂપની ઝાંખી થઈ છે—એમ વર્ણન છે. દર્શન કરવાથી હૃદય દ્રવીભૂત ન થાય તો તે દર્શન ન ગણાય. अक्षण्वतां फलमिदंन परं विदामः શ્રીમદ્ભાગવતના દશમ સ્કંધ ૨૧માં અધ્યાય વેણુગીતના ૭મા શ્લોકમાં પ્રભુના દર્શન એ જ નેત્રોની સાર્થકતા છે. તેથી બીજું કંઈ શ્રેષ્ઠ ફલ નથી. ભક્તિ નવ પ્રકારની છેઃ શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. દરેક ભક્તિ મંગળાથી શયનપર્યંત પ્રભુની સેવામાં આવી જાય છે. કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોનો વિનયોગ પ્રભુની સેવામાં થાય તો જ તેની સાર્થકતા ગણાય. એક શ્રીમંત શેઠ હતા. તેમણે પોતાના સુખ માટે બંગલો, લાખો રૂપિયાના કિંમતી દાગીના, સર્વ સાધનો વસાવ્યાં હતાં. પ્રભુ માટે જૂજ કીંમતનાં આભૂષણો અને ગુંજાની માળા લાવ્યા હતા. એક નાની ઓરડીમાં મુખિયાજી સેવા કરતા હતા. એક દિવસ શેઠે ગુરુદેવ પાસે પ્રશ્ન કર્યો કે 'શ્રીઠાકોરજી કેમ બોલતા નથી ?' ગુરુદેવે કહ્યું: 'જેમના માટે ઘણું ધન ખર્ચી સર્વ સગવડો કરી છે, તે (સ્ત્રીપુત્ર) સૌ બોલે છે, તેવી રીતે પ્રભુ માટે કરશો તો પ્રભુ તરત બોલશે. નદીનો પ્રવાહ સમુદ્ર તરફ વહે તો પ્રભુ પણ બોલે.' શ્રીગોપીજનોની માફક પ્રભુમાં તન્મય અવસ્થા થવી જોઈએ. પ્રભુજ સર્વસ્વ છે, એવું માની લૌકિક ભૂલાઈ જાય તે નિવેદન છે, સંસારમાંથી અહંતા અને મમતા દૂર કરવી જોઈએ. શ્રીગોપીજનો માફક સાત્વિક ભાવના થવી જોઈએ. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર—સર્વ પોતાના સ્થાનમાં ઉપયોગી છે. આપણે રાજમાર્ગ—ધોરી રસ્તા ઉપર જતા હોઈએ, રસ્તામાં સંગીત—ગાન તાન—થતાં હોય, તો મન ત્યાં દોડે છે. બુદ્ધિ પવિત્ર હોય તો મનને અટકાવે. પછી 'આપણે કોણ ?' એ વિચાર થતાં અહંકાર મનને રોકે. મન અભિમાનમાં જતું અટકે, આ બધા કાર્ય માટે રોજ સત્સંગની

જરૂર છે. એક શ્રીમંત શેઠ હતા. તેમણે ભૂત ખરીદ કર્યું. ભૂતે કામ માગ્યું. શેઠે વૃક્ષ ઉપર ચઢવું અને ઊતરવું એ કામ સોંપ્યું. ભૂતને મઝા પડી, તેવી જ રીતે આપણું મન એ ભૂત છે. તેને પ્રભુના નામની નીસરણી આપવી. તે પર ચડશે અને ઊતરશે. મનની સ્થિરતા માટે જનક રાજાનું દૃષ્ટાંત આપ્યું હતું. પ્રભુની પ્રાપ્તિ એ જ આપણું કર્તવ્ય છે. તે માટે તાપક્લેશ કરવો. નિવેદનનો મંત્ર, અને રહસ્ય વિચારવું જીવ પ્રભુથી હજારો વર્ષથી વિખૂટો પડ્યો છે. સ્ત્રી, પુત્ર, પ્રાણ, ઇન્દ્રિયો, અન્તઃકરણ, આ લોક-પરલોક આત્માસહિત હે પ્રભુ ! હું આપને સમર્પણ કરું છું, હું આપનો દાસ છું આ વિચાર સદા રાખવો. પ્રાચીન ભગવદીયો બ્રહ્મસંબંધ લીધા પછી ગુરુદેવ પાસે પોતાનું કર્તવ્ય શું ? એમ પૂછતા હતા. ગુરુદેવ સેવા કરવા આજ્ઞા આપતા હતા. હાલમાં આપણે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓ પાળતા નથી, જેથી સંસાર-રોગમાં પીડાઈએ છીએ, પથ્ય પાળીએ તો જેમ રોગ મટે તેમ સેવા અને સત્સંગ રૂપી કર્તવ્ય પાળીએ તો ભવરોગ મટી જાય.

('સત્સંગ' સં. ૨૦૧૨)

卐

૬૯–આશ્રય કેમ સિદ્ધ થાય ?

આજે આપણે શ્રી મહાપ્રભુજી, શ્રી ગુસાંઇજીએ કહ્યા મુજબ 'શરણસ્થ સમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્' એ વિષય ઉપર જઈશું. હે, પ્રભુ ! અમે આપને શરણે આવ્યા છીએ. આ શરણ માર્ગની અંદર જે સિદ્ધિ રહેલી છે, તે આપણે સમજવાનો પ્રયત્ન કરવાની જરૂર છે. હવે શરણે કોણ આવે ? જે ચારે બાજુથી ઘેરાઇ ગયેલ હોય, જેને બીજો માર્ગ ન મળતો હોય, જે પરવશ થઇ ગયેલ હોય, જે આધિ વ્યાધિ અને ઉપાધિ તેમ ત્રિવિધ તાપથી બળી રહ્યો હોય, તે શરણે આવે. પણ જેને અવલંબન હોય, ધન - દોલત હોય અને અહંતાથી ભરેલ હોય, તે મહારાજા પાસે જાય ખરો ? પણ જ્યારે કંટાળીને થાકે, ત્યારે કહે; 'હે પ્રભુ ! પાહિમામ્ પાહિમામ્. હે પ્રભુ મારું રક્ષણ કરો.' જે રોગથી પીડાતો હોય, તે વૈદ પાસે જાય. કાલે આ પ્રસંગ આવી ગયો. જીવને માયારૂપી કાટ લાગી ગયા પછી તે કયું ખરાબ કર્તવ્ય આચરે છે, તેની તેને શુદ્ધિ હોતી નથી. જેમ ગટરમાં રહેલ કીડો ખૂબ દુર્ગંધ તથા અશુદ્ધિની દરકાર ન કરતાં તેની અંદર રહેવામાં આનંદ માને છે. તે કીડાને જોવાથી તમને તાપ થશે અને કહેશો કે હે, પ્રભુ ! આ જીવે શા પાપ કર્યાં હશે ? તેને અસહ્ય દુર્ગંધ અને કચરામાં જ જિંદગી કાઢવાની છે ? પરંતુ તે કીડાને એમ થતું નથી કે આ ગંદકી છે ! અત્યારે આપણી દશા પણ લગભગ તેવી જ છે. કારણ કે આપણે ગુરુદેવે બતાવેલ માર્ગ ભૂલી રહ્યા છીએ. આપણી શ્રદ્ધા દિવસે દિવસે અસ્ત પામતી જાય છે. કાંઈ સારું કામ થાય તો એ મેં કર્યું છે. મહેનત કેટલી કરી છે ? કામ સારું કેમ ન થાય ? આવો ગર્વ અનુભવવામાં આવે છે. જ્યારે કામ બગડે ત્યારે 'હે ! ભગવાન ! આટલું આટલું દુઃખ પડે છે,

તો પણ સામું નથી જોતા ? શું તમારા રાજમાં આવો ન્યાય છે ?' આમ ઇશ્વરને દોષિત કરે છે. તેઓને હું પૂછું છું કે, તમોએ આત્માનાં કલ્યાણ માટે કંઇ કર્યું છે ? દઢાશ્રય છે ? જો તમો દઢ આશ્રય રાખો, તો તમારી લાજ એના હાથમાં છે. આપણા પ્રભુ પૂર્ણ પુરુષોતમ, જેણે દુષ્ટ લોકોનો પણ ઉદ્ધાર કર્યો છે. તો પછી તમે એને ભજો તો છો ને ? તો એ જરૂર તમારો ઉદ્ધાર કરશે. પરંતુ તમને એના ઉપર ભરોસો છે ? આશ્રય સિદ્ધ કરવાને માટે મનને સ્થિર કરવાની જરૂર છે. તમે જોયું હશે, ઘણા લોકો પોતાનાં બાળકોને મુસલમાનના તાજીયા નીચે ગળકાવે છે. તેમજ યવન લોકોના દોરા-ધાગા પહેરાવે છે. આ શું બતાવે છે ? આ છે, આપણો અત્યારનો વિશ્વાસ ! ભગવાને ગીતાજીમાં કહ્યું છે કે, 'મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયો:' દયારામભાઇએ પણ કહ્યું છે, મનજી મુસાફરે ચાલો....' મન એકાદશ ઇન્દ્રિયોનો ઇંદ્ર છે. 'ચીફ કમાન્ડર' છે. શાસ્ત્રકારોએ બતાવ્યું છે કે, મન, બુદ્ધિ, ચિત્ત અને અંહકાર-આ ચારે વસ્તુ દરેક વ્યક્તિમાં રહેલ છે. અંત:કરણચતુષ્ટય નામનો પદાર્થ દરેકમાં વસે છે. હવે મન અને બુદ્ધિ એ જુદી વસ્તુ છે. જ્યારે ચિત્ત પણ જુદી વસ્તુ છે. પણ તે સૂક્ષ્મ છે. તમે કહેશો કે અંહકાર વિ. શા માટે રાખવામાં આવ્યા છે ? તેનો પ્રત્યુત્તર બહુ સુંદર છે. આ વસ્તુઓ ભગવાને આપણને વિચારીને આપેલ છે. એનો સદ્ઉપયોગ કરવાનો છે, માટે આપેલ છે.

એક દૃષ્ટાંત છે: તમે સત્સંગ કરેલ હોય, શાસ્ત્રો જોયેલ હોય તો તેનો અનુભવ તમને જરૂર થાય. હવે તમે કોઇ એક ધોરી માર્ગ ઉપર જઈ રહ્યા છો. ચાલતાં ચાલતાં એક વેશ્યાનું મકાન રસ્તા ઉપર આવે છે. તેમાં ખૂબ ગાન-તાન ચાલે છે. અને સંગીતની મહેફીલ જામી છે. ચાલતાં તમારું મન અટક્યું, તમે ઊભા રહ્યા, મનને સમાચાર મળ્યા કે અહીં ગાન-તાન થાય છે. તે માટે એને સાંભળવાનું મન થયું. તે ઇન્દ્રિઓનો 'ચીફ કમાન્ડર' હોવાથી તેનો ગમે તે રીતે ઉપયોગ કરી શકે છે. એટલે બીજી ઇન્દ્રિયોને ઊભા રહેવા માટે એણે આદેશ આપ્યો. એટલે તમે ઊભા રહ્યા. હવે ઉપર જવાની ઈચ્છા થઇ, સીડીનાં પગથિયા પાસે જઈ પહેલા પગથિયા ઉપર પગ મૂકાય છે, ત્યાં તો મનની પાસે તુરત એક વસ્તુ આવીને ઢીલ કરે છે. આ કઈ વસ્તુ છે ? એ બુદ્ધિ છે. આપણને એમ થાશે કે અરે ! આપણે કોણ છીએ ? વૈષ્ણવ કુટુંબમાં ઊછરેલા છીએ. આપણી આબરૂ કેવી છે ? આ સવાલો ઊભા થાય છે. અહીં સાચો અહંકાર ઉત્પન્ન થાય છે. ધર્મ-અભિમાન, જાતિ-અભિમાન પ્રગટ થાય છે. એટલે મન સાથે બુદ્ધિ ઢસડાતી નથી. એટલે મન ઉપર બુદ્ધિનો વિજય થાય છે. પણ આ ક્યારે થઈ શકે ? જો તમે સત્સંગ કરેલ હોય, માર્મિક પુસ્તકો, શિક્ષાપત્ર વિ. વાંચેલ હોય, ભગવદ્ભકતો દ્વારા, તેમના જીવન દ્વારા શિક્ષણ મેળવાયું હોય તો મન ઉપર બુદ્ધિનો વિજય થશે. શાસ્ત્રો, ભગવદ્ભકતો કહે છે તેમ મનને કામમાં જોડી દિયો. મન આગળથી કોઇક ને કોઈક કામ લેવું જ જોઇએ.

મહાભારતનું એક દૃષ્ટાંત છે, એક શેઠ હતા. ખૂબ જ પૈસાદાર હતા. તેનું કાર્ય મોજ, શોખ, વૈભવ, વિલાસ, આનંદ, પ્રમોદ. આજે શહેરમાં તો કાલે ગામમાં, તો પરમ દિવસે વિમાનમાં ! ગમે તેમ કરી પૈસા ઉડાડવા-વેડફી નાખવા

એ જ તેનું કામ. એવામાં રસ્તે ચાલતાં ચાલતાં એક મકાન જોયું. મકાન ઉપર લખેલ હતું કે 'અહીં ભૂત વેચાય છે.' શેઠને થયું અરે ! આ શું ? અન્ય પ્રકારની વસ્તુઓ વહેંચી શકાય, પણ કાંઈ ભૂત વેચાય ? એવી કઇ વસ્તુ હશે ! ચાલ તપાસ કરૂં. ઉપર જાય છે. મેનેજરને કહે છે: 'ભાઈ અમારે ભૂત ખરીદ કરવું છે. બોલો કેટલી કિંમત છે.' મેનેજર કહે 'અરે શેઠ ! તમારે કયા પ્રકારનું અથવા કેટલી કિંમતનું ખરીદ કરવું છે, તે કહો અહીં તો રૂપિયેથી શરૂ કરીને એક લાખ રૂપિયાની કિંમત સુધીમાં ભૂત મળે છે.' 'એમ ?' 'જી હા.' શેઠને તો પૈસાનો મદ હતો, એટલે એમણે વધારેમાં વધારે એટલે એક લાખની કિંમતનું ભૂત ખરીદ કર્યું. એટલે એક નાની ડાબલી આપી, લ્યો, શેઠજી ! આની અંદર ભૂત છે. સવારે નાહી-ધોઇને પૂજા-પાઠ કરી ડાબલી ખોલશો, એટલે ભૂત બહાર નીકળશે. હા. એક વસ્તુ ખ્યાલમાં રાખજો કે ભૂત બહાર નીકળતાંની સાથે જ કામ માગશે. માટે આપવાનું કામ પહેલા તૈયાર કરી પછી ડાબલી ખોલજો. શેઠ કહે, 'અરે ભાઈ ! કામ કરવાનું ક્યાં થોડું છે. ? બાગ-બગીચા, ખેતર-વાડી, પેઢી વગેરે. બાગ-બગીચાને પાણી પાવામાંથી જ નવરો નહીં થાય એમ કહી શેઠ રવાના થયા. સવારે નાહી ધોઇ ડાબલી ખોલીને ભૂત બહાર નીકળ્યું. 'લાવ કામ, લાવ કામ,' એમ બે વખત કામ આપવા ભૂતે માગણી કરી. શેઠ કહે 'નવો બગીચો સાફ સૂફ કરી આવો.' થોડીવાર થઇ ત્યાં ભૂત પાછું આવ્યું 'લાવ કામ, લાવ કામ' 'જાવ બગીચાને પાણી પાઈ આવો' વળી થોડીવારમાં ભૂત પાછું આવ્યું પછી તો શેઠ એક પછી એક કામ ચીંધતા ગયા. ખેતરે, વાડીએ, પેઢીએ વગેરે કામ બતાવી, માંડ સાંજ પાડી. કામ પૂરું થયું અને

સાંજ પડી કે ભૂત ડાબલીમાં પાછું પૂરાણું. જેવું ભૂત ડાબલીમાં પૂરાણું કે તરત જ શેઠે છૂટકારાનો દમ ખેંચ્યો. 'હાશ ! માંડ બચ્યા !' વળી ઉપાધિ થઈ. હવે કાલ શું કરવું ? પોતાના મિત્ર પાસે ગયા; એને બધી વાત કહી સંભળાવી. મિત્રે કહ્યું; 'ફક્ત કામ જ ચીંધવાનું છે ને ? ઓહો ! એમાં શું હતું. કાલે મને તેડી જજો.' શેઠ કહે, 'અરે, ભાઈ સાહેબ ! આજે એક જ દિવસમાં હું થાકી ગયો છું. ધ્યાન રાખજે હો, નહીંતર તારા અને મારા બન્નેનાં ભુક્કા છે. બીજે દિવસે સવારે મિત્રને પાસે બોલાવી નાઈ ધોઈ ડાબલી ખોલી. ભૂત નીકળ્યું: "કામ લાવ" શેઠે કહ્યું; 'મારો મિત્ર કામ બતાવે, તે કામ તમારે કરવાનું છે.' આ પછી મિત્રે આજ્ઞા આપી કે 'સીડી પડી છે, તેના ઉપર ચડી જાઓ. પાછા ઊતરો, પાછા ચડો, ઊતરો, ચડો.' એક જ કામ સાંજ સુધી બતાવ્યે રાખ્યું. આખરે ભૂત કંટાળીને શરણે આવ્યું. અને જ્યાં જરૂર પડે ત્યારે જ કામ લેવાનું વચન આપ્યું. કહેવાનું તાત્પર્ય એ છે કે, ભૂત રૂપી મનને જો નકામું બેસવા દઇએ તો પણ ઠીક નહીં.

આમ શ્રીમહાપ્રભુજી પણ આપણને સેવા ભગવદ્વાર્તા વિ. કામ કરીને આપણાં મનને શ્રીજીનાં ચરણારવિંદમાં દૃઢ ચિત્ત રાખવાનું કહે છે. અને તેથી જ આપશ્રીએ ૩૬૦ દિવસના નિત્ય ક્રમ બાંધી દીધેલ છે.

હવે શ્રોતા અને વક્તા વિશે થોડું કહું છું. અત્યારે જે કાંઈ સાંભળો છો, તેમાંથી ઘણાખરા તો બહાર નીકળ્યા ને દસેક મિનિટ ગઈ એટલે પત્યું ! શું વાત ને શું ચીત. બધી

વિસ્મૃતિ થઈ જશે. શ્રીમદ્‌ભાગવત શ્રવણ કરનાર રાજા પરીક્ષિત અને શ્રવણ કરાવનાર શ્રીશુકદેવજીનો આ પ્રસંગ છે. શુકદેવજી કહે છે કે, 'હે રાજન ! કથારૂપી અમૃતનું પાન કરતાં ઘણો સમય વીતી ગયો છે. હવે જરા ક્ષુધા અને તૃષાને તૃપ્ત કરો.' આ સાંભળી પરીક્ષિત કહે છે: 'મહારાજ, ક્ષુધા ? ક્ષુધા અને તૃષાનું કહો છો ? ત્યારે જ યાદ આવે છે, આપના મુખારવિંદથી ભગવદ્‌ગુણોનું કથામૃત પીતાં મને લૌકિક તૃષા ઊડી ગઈ છે ! અત્યારના સમયમાં ભગવદ્‌વાર્તા સાંભળવાની આપણને ફુરસદ નથી અને લોકલજ્જાએ સાંભળવા જઈએ છીએ, તો ક્યારે ઝટ પૂરું થાય તેની રાહ જોવાય છે. તમે મંદિરની અંદર આવો તો પણ તમારી ચિંતા બહાર છોડીને આવતા નથી. એક ક્ષણ પણ ચિંતાને દૂર કરી, ભગવાનનાં દર્શનમાં તેમના સ્વરૂપમાં તલ્લીન થવાની ઈચ્છા રાખો. આ તલ્લીનતાને પ્રાપ્ત થવાને બદલે અત્યારે ખાસ કરીને બૈરાઓમાં પંચાતનો વિષય વધી રહ્યો છે. મંદિરની અંદર તમે ભગવાનનાં દર્શન કરવા આવ્યા છો કે, દેરાણી – જેઠાણીની પંચાત કરવા ? આચાર્યશ્રી મહાપ્રભુજીએ પણ બતાવ્યું છે કે, એક બાજુ ગૃહસ્થાશ્રમ અને બીજી બાજુ પ્રભુ ! પ્રભુને સાથે રાખીને તમારા કુટુંબના વડવાઓને માન આપીને કાર્ય કરો. પણ અત્યારે તે ભાવના બહુ ઓછી છે. અત્યારે તો 'મહારાજશ્રી મને એક સારામાં સારું ભોજપત્ર કરી આપો.' 'અરે, પણ શેનું ?' 'મારો પતિ મને વશ રહે.'

એક દૃષ્ટાંત આપુ છું: શ્રીગુસાંઈજીને તેજ રીતે તાજબીબીએ કહ્યું: 'મહારાજ ! મને ભોજપત્ર કરી આપો.' ત્યારે શ્રીગુસાંઈજીએ શું કર્યું ? ભોજપત્રની અંદર લખ્યું.

'પતિ કહે સો કીજિએ.' તાજબીબીની વાત બાદશાહ પાસે ગઈ. બાદશાહે બેગમને પુછ્યું કે 'તેં શું દોરાધાગા કરાવ્યા છે ?' બાદશાહ બેગમ પાસેનું ભોજપત્ર જ્યાં ખોલાવીને જૂએ છે ત્યાં તો વિસ્મિત થઈ જાય છે. આહા ! શ્રીગુસાંઈજી ઉપર મે શંકા લાવી ! શ્રીગુસાંઈજીએ એક શબ્દની અંદર બે અર્થ બતાવ્યા. પહેલો અર્થ “પતિ” એટલે પૂર્ણ પુરુષોત્તમ, જગતનો નાથ. અને બીજો અર્થ તો તમે જાણો છો. બાદશાહે શ્રીગુસાંઈજીને દંડવત્ કરી માફી માગી.

બીજુ દૃષ્ટાંત આપુ છું. હિરણ્યકશ્યપુનો જ્યારે વધ કરવા માટે નરસિંહ ભગવાને અવતાર ધારણ કર્યો અને એનું ઉદરવિદારણ કર્યું; ત્યારે ભગવાનનો ક્રોધ એટલો બધો વધી ગયો હતો કે, પ્રભુ કેમે શાંત થાય નહીં. દેવતાઓ પણ સુંઝાયા, પછી શું કરવું ? પ્રહ્‌લાદજીને મોકલ્યા. પ્રહ્‌લાદજી પ્રભુની સન્મુખ હાથ જોડીને ઉભા રહ્યા. ભગવાન તો ભક્તને આધીન છે. પોતાના ભક્તને સન્મુખ જોતાં જ પ્રભુનો ક્રોધ શાંત થઈ ગયો. જેમ ગાયને પોતાના વાછરડા ઉપર પ્રીતિ હોય ને ચાટવા લાગે, તેમ પ્રભુ પોતાના ભક્તને પંપાળવા લાગ્યા. કહેવાનું તાત્પર્ય એટલું જ કે ભક્ત પ્રહ્‌લાદને પ્રભુ ઉપર પૂર્ણ શ્રદ્ધા હતી. અને અત્યારે તો 'મુખમેં રામ ઔર બગલમેં છુરી' જેવી હાલત છે. ભગવાન પ્રહ્‌લાદજીને કહે છે. હે વત્સ ! તુ માંગ.' આ સાંભળી પ્રહ્‌લાદજી હસવા લાગ્યા. અને કહ્યું કે, 'હે કૃપાનિધિ ! ભક્ત વત્સલ ! આપ સાક્ષાત્ સ્વરૂપે જ મારી સન્મુખ છો, પછી એથી વધારે શું હોય ? આપનો આશ્રય સદા રહે.'

સત્યનારાયણની માનતા માનો, પૂજા કરો. પછી

'ગચ્છ ગચ્છ, સુરશ્રેષ્ઠ' મેં તમારું કામ કર્યું અને તમે મારું. આમ જ્યાં સુધી સ્વાર્થ હશે, ત્યાં સુધી પ્રભુને યાદ કરશો. પછી 'કોણ તું ને કોણ હું ?' પણ યાદ રાખજો કે, જ્યાં સુધી અન્યાશ્રય નહીં છોડો અને પ્રભુનો દઢ આશ્રય નહીં સ્વીકારો, ત્યાં સુધી ફાંફાં માર્યાં છે અને ફાંફાં મારવાનાં રહેશે. પ્રભુએ આપેલો આ અમૂલ્ય મનુષ્ય દેહ તેને તમે એક ક્ષણમાં વેડફી નાખશો. માટે ભગવદ્‌ભજનમાં તલ્લીન બનો. કથારૂપી અમૃતનું પાન કરો જેનાથી બુદ્ધિ પણ નિર્મળ બનશે. કારણકે જ્યાં ભગવદ્ ગુણગાન થતાં હોય ત્યાં પ્રભુ હંમેશાં આવીને બિરાજે છે. ઘણાં કહે છે અમને તો ભગવદ્ વાર્તા પ્રત્યે રુચિ નથી. તો હું કહું છું કે, આ તમારો પ્રશ્ન વ્યાજબી છે ? ૧૦૫ ડીગ્રી તાવ આવ્યો હોય અને ટાઢ વાતી હોય તો કડવી દવા પિયો છો કે નહીં ? કવીનાઈનનું ઈંજેકશન લ્યો છો કે નહીં ? કડવી દવા ભાવતી નથી, તો પણ આંખો બંધ કરીને શા માટે પિયો છો ? ત્યાં રુચિ કયાંથી આવી જાય છે ? તો જેમ તાવ ઉતારવા માટે દવા કે ઇંજેકશનની જરૂર છે, તેમ આ સંસારમાં ઓતપ્રોત થયેલી અહંતા અને મમતા અને માયાનો તાવ ઉતારવા માટે દઢ આશ્રય, ભગવદ્ વાર્તા અને સત્સંગની જરૂર છે. જેમ શક્તિની દવા તાવ ઉપર કામ કરતી નથી તેમ પ્રભુ પૂર્ણ પુરુષોત્તમ સિવાયનો આશ્રય તમારા માટે કામ કરશે નહીં. જો તમે શરણનો માર્ગ દઢતાપૂર્વક સંભાળશો તો પ્રભુ તમને અંધકારમાંથી બહાર ખેંચી જરૂર અજવાળામાં લાવશે. અને ધોરીમાર્ગ ઉપર તમે ખુશીથી ચાલી શકશો.

શ્રીમહાપ્રભુજી દૃષ્ટાંત આપે છે. રસ્તે જતાં એક માણસને ઊલટી થયા પછી તે તેની સામું પણ જોતો નથી. અને પોતાને રસ્તે આગળ વધે છે. જ્યારે શ્વાન આવીને તે

ઊલટી ચાટી જાય છે. બસ, વિષયાંધ સંસારી માણસ અને ભગવદ્‌ભક્ત–આ બન્ને વચ્ચે આટલો જ ફરક છે. વિષયાંધ ઊલટી ચાટી જાય છે !

હવે વ્યાસજીની કથા કહી મારું વ્યાખ્યાન પૂરું કરીશ. વ્યાસજી વૃંદાવનમાં રહી પ્રભુ ભક્તિ કરી આનંદ માને છે. એવા સમયની અંદર તેમના માતા પિતા આવ્યા. માતા પિતા પાસે જઈ પ્રણામ કર્યા. વ્યાસજીને થયું કે જો માતાજી મને તેમની સાથે રહેવાનો આગ્રહ કરશે તો આપણે સંસારમાં ફસાવું પડશે. અને ભગવદ્ બંધન તૂટી જાશે. એવામાં એક અસ્પૃશ્ય બાઈ માથે કરંડીયો લઈને ચાલી જાય છે. તે વ્યાસજીએ જોયું. 'અરે ! અમ્મા ? આની અંદર શું છે ?' 'એની અંદર શ્રીબિહારીજીનો પ્રસાદ છે.' 'પ્રસાદ ! એમ ! લાવ, ત્યારે.' એમ કહી પકોડીનો ટૂક ઉપાડી લીધો ને માંડયો ખાવા ! 'અરે, હા....હાં....' આ ઉપરથી રચાયેલ પદ કીર્તનમાં પણ ગવાય છે. એક પકોડી મેં છૂટો સબ સંસાર' એમ ભગવાન તો ફલ આપવાને તત્પર તૈયાર ઊભા છે. શ્રીમહાપ્રભુજીએ તો બધું સિદ્ધ કરીને જ રાખેલ છે. તમોને સરોવરને કાંઠે ઊભા રાખેલ છે. પછી કિનારે આવીને તરસ્યા જાવ તો નસીબ ! એટલે તમારાં બાળકોને અત્યારથી જ ભગવદ્ વાર્તા સત્સંગમાં રસ લેતા કરો એટલે દઢઆશ્રય એનામાં સ્વયં પ્રકટ થશે. અંધ શ્રદ્ધા ન રાખતાં સમજીને કામ કરો. બને એટલો સમય ઈશ્વર સ્મરણ કરો અને પ્રભુ ઉપર અચળ શ્રદ્ધા રાખો. તો શ્રીઠાકોરજી શ્રીમહાપ્રભુજી આપણા ઉપર જરૂર કૃપા કરશે. શ્રીમહાપ્રભુજી સર્વને આનંદનું દાન કરો. એટલું કહી, હું આજનું વ્યાખ્યાન પૂરું કરીશ.

(ધોરાજી તા. ૧૨–૧૦–૫૬) ['સત્સંગ' – સં ૨૦૧૨]

'ભગવદ્ગીતાનું તાત્પર્ય'

જગન્માન્ય ભગવદ્ગીતા પર આજસુધીમાં ઘણા આચાર્યોએ તેમજ પૌરસ્ત્ય-પાશ્ચાત્ય વિદ્વાનોએ સ્વમંતવ્ય દર્શાવ્યું છે, છતાં ગીતાનું તાત્પર્ય, સ્પષ્ટ રીતે સર્વ માન્ય થયું નથી, તે જ ભગવદ્વાણીની અગાધતા સૂચવે છે,

કોઈ પણ ગ્રંથનું તાત્પર્ય, ઉપક્રમ, ઉપસંહાર, અભ્યાસ અપૂર્વતા, ફળ, અર્થવાદ અને ઉપપત્તિ-આટલામાંથી જાણી શકાય છે.

ગીતાના ઉપક્રમમાં સ્વકર્તવ્યજ્ઞાન માટે ગુરુને શરણે જવું આવશ્યક હોવાથી અર્જુન शिष्यस्तेऽहं शाधि मां त्वाम्प्रपन्नम् કહી ભગવાનને શરણે જાય છે. એટલે ગીતાના ઉપક્રમમાં ભક્તિપ્રાધાન્ય જણાય છે,

ઉપસંહારમાં मामेकं शरणं व्रज એ ભગવદ્વાક્ય છે. અને અર્જુન પણ करिष्ये वचनं तव એમ કહે છે. જેથી ઉપસંહારમાં પણ ભક્તિમાર્ગનો સિદ્ધાંત જણાય છે. કેમકે ભગવાન. સર્વધર્મોનો (શાસ્ત્રોમાં કહેવાયેલા સત્ય, અહિંસા, યજ્ઞયાગ વગેરે જો મારી અંદરના સ્નેહમાં બાધાજનક જણાય તો) ત્યાગ કરીને તું કેવળ મારે એકને શરણે આવ' તેમ જણાવે છે. આથી બધા ધર્મોનું આચરણ કરવું શાસ્ત્રીય છે; છતાં જો તે ધર્માચરણો ભગવત્સ્નેહમાં બાધક થતાં હોય તો તેનો ત્યાગ કરવાથી, ભગવાન શરણસ્થ જીવને, તે ધર્મોના ત્યાગ વડે થતાં પાપોથી મુક્ત કરે છે. શાસ્ત્રોમાં એવાં ઘણાં દૃષ્ટાંત મળી આવે છે કે પ્રહ્લાદે પિતાનો, ભરતે માતાનો, બલિએ ગુરુનો ત્યાગ કરવા છતાં, ભક્તોને એ ધર્મ ત્યાગ

દોષજનક થયા નથી. આવા પરિત્યાગનું નામ જ સંન્યાસ. એટલે દરેક કર્મ (ધર્મ) પ્રભુને અર્પણ કરેલ હોય તો તેનું નામ 'પરિત્યાગ' કહેવાય છે. એજ તાત્પર્યથી-परित्यज्य પદથી ભગવાન એ વસ્તુ સૂચવે છે.

અભ્યાસથી એટલે દરેક અધ્યાયમાં વારંવાર ભકિતનું સૂચન છે. બીજા અધ્યાયમાં निस्त्रैगुण्यो भवार्जुन !, युक्त आसीत मत्परः વગેરે, ત્રીજા અધ્યાયમાં यज्ञशिष्टाशिनः सन्तो વગેરે વાક્યો ભગવત્સમર્પણથી પાપોનો નાશ સૂચવે છે. ચોથા અધ્યાયમાં मन्मायामुपाश्रिताः વગેરે વાક્યો ભગવચ્છરણ જ ભગવત્પ્રાપ્તિ સૂચવે છે. પંચમ અધ્યાયમાં ब्रह्मण्याधाय कर्माणि વાક્યથી ભગવત્સમર્પિતકર્મોથી પાપસંબંધરહિત થવાનું સૂચવે છે. છઠ્ઠા અધ્યાયમાં योगिनामपि सर्वेषां० એ અધ્યાયના અંતિમ શ્લોકમાં ભગવદ્ભકિત કરનારને પરમ યોગી કહ્યો છે. સાતમા અધ્યાયમાં કેવળ ભગવચ્છરણથી માયાને તરી શકાય છે, તેમ પ્રભુ જણાવે છે અને ભકતોના પ્રકાર સૂચવે છે. અધ્યાય આઠમામાં अनन्यचेताः सततं શ્લોકથી ભગવાન પોતાનું ભકિતસુલભત્વ જણાવે છે. નવમો અધ્યાય સંપૂર્ણ ભકિતનું પ્રતિપાદન કરે છે. દશમાં અને અગિયારમામાં અભ્યાસથી ભકિત માર્ગનું નિરૂપણ છે.

અપૂર્વતા-કર્મ, જ્ઞાન અને ભકિત-એ ત્રણેયમાં ગીતાની અંદર ભગવાને સંગતિ બેસે તેવીરીતે કર્મ-જ્ઞાનને ભકિતનાં અંગ બતાવી, ભકિતનું પ્રાધાન્ય એ અપૂર્વતા - નવીનતા બતાવી છે.

અર્થવાદ-ઉપપત્તિ(યુકિત)થી પણ આ (ભકિત)નું જ નિરૂપણ છે.

ફળ – પ્રભુની આજ્ઞાના પાલનરૂપ ભક્તિમાં જ જણાય છે.

આ રીતે ગીતાનું તાત્પર્ય ભક્તિપ્રતિપાદનમાં જ જણાય છે.

અધિકારાનુસાર ગીતાનું તાત્પર્ય તારવી શકાય; પરંતુ વિચાર કરતાં ભગવદાશ્રય અને ભગવત્સમર્પણપૂર્વક લૌકિકાલૌકિક કાર્ય કરી, સ્વકર્તવ્ય સંપાદન કરવાનું ભગવાન કહે છે, એ નિષ્કર્ષ સિદ્ધ થાય છે.

અત્યાર સુધીમાં ગીતા ઉપર ગુર્જરાનુવાદ ઘણા થયા છે; છતાં ગો. વા. શાસ્ત્રીજી મૂલશંકર મોતીરામભાઈ ભરૂચવાળાએ અધ્યયનોપયોગી અનુવાદ (અન્વય, શ્લોકાર્થ અને વ્યાકરણના નિયમોના સૂચન સાથે) કર્યો છે. જે શાળા-પાઠશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને તેમજ ધર્મપ્રેમીઓને ઘણો જ ઉપયુક્ત થશે, તેમ અમારું મંતવ્ય છે.

(વૈશ્વાનર : સં. ૨૦૧૫)

'ભગવાનનું નિષ્કામ સ્વરૂપ'

રસાત્મક ભગવાન પૂર્ણ પુરુષોત્તમે વ્રજમાં પ્રાકટ્ય લઈને વ્રજગોપીઓ અને ગોપબાલકો સાથે જે જે લીલાઓ કરી આનંદનું દાન કર્યું છે, તે બધી લીલાઓ શૃંગારરસાત્મક છે. આ બધી લીલાઓ પરત્વે સાધારણ બુદ્ધિવાળા જીવો અન્યથાજ્ઞાનથી બહિર્મુખ ન થઈ જાય, એટલા માટે એ લીલાનું વાસ્તવિક સ્વરૂપ શું છે? એ સમજવા માટે શ્રીમહાપ્રભુજીએ સુબોધિનીજી આદિ ગ્રંથોમાં સમજાવ્યું છે.

ભારતવર્ષની અંદર ઘણા વૈષ્ણવાચાર્યો થયા અને પ્રભુની ઈચ્છા અનુસાર તેમણે તે જીવોના અધિકારાનુસારેણ ભક્તિમાર્ગનાં રહસ્ય પ્રકટ કરીને એ જીવો ઉપર ઉપકાર કર્યા છે; પરંતુ દરેક વસ્તુનું બાહ્યસ્વરૂપ અને આંતરિક સ્વરૂપ અને તેમાં પણ નવનીત રૂપે જે તત્ત્વ—એ તત્ત્વ સમજીને સ્વાનુભવ કરીને અને બીજાને એ અનુભવ કરાવવો એ અત્યંત દુર્લભ છે. જેમ એક ગુલાબનું અત્તર અને તેની રૂહ એ બન્નેનાં સ્વરૂપમાં જેમ વિલક્ષણતા છે, એવી રીતે અલૌકિક કામના સ્વરૂપમાં જે વિલક્ષણતા છે તે સમજવાની અત્યંત આવશ્યકતા છે. ભગવાનની કથારૂપ અમૃતનાં વાસ્તવિક સ્વરૂપને ન સમજતાં, તેને જો અન્યથાસ્વરૂપે સમજવામાં આવે, તો જીવ મહાન અપરાધી બને છે; કારણ કે ભગવદ્રસમાં અનુરાગી બનેલા ભગવદ્ભક્તના હૃદયમાંથી લૌકિક કામ સાવ નષ્ટ થઈ જવો જોઈએ. એ નષ્ટ થવાને બદલે ઊલટો વૃદ્ધિને પ્રાપ્ત થયેલો જોવામાં આવે છે. તેનું કારણ એ છે કે, આવા અનર્થકારી તત્ત્વોની તરફ દુર્લક્ષ કરવામાં આવે છે. ત્યારે જો તેઓ ખરેખરા ભગવદ્ભક્તો હોય તો એમાં એ અનિષ્ટકારી

તત્ત્વો હોવાં જ ન જોઈએ. તેનો તલસ્પર્શી અભ્યાસ કરવામાં શૈથિલ્ય છે. એ અન્યથાજ્ઞાનને દૂર કરવાને માટે ભગીરથ પ્રયાસ આચરવાને બદલે તેને પ્રોત્સાહન મળે, એ તો સર્વથા અયોગ્ય જ છે.

કોઈ પણ વ્યક્તિ, પોતે પોતાને સર્વ શક્તિમાન માનીને, હું કોઈ પણ પ્રકારે અનિષ્ટ આચરણ કરવાથી અપરાધનો જવાબદાર કે દોષિત નથી એમ માનીને સ્વચ્છંદ આચરણ કરે, તો એને તથા તે તરફ દોરવનારાઓને જે ભયંકર પ્રત્યવાય લાગે છે, કે તેનું નિવારણ અત્યંતઃ કઠિન થઈ પડે છે. તેઓએ સમજવું જોઈએ કે, શ્રીમહાપ્રભુજીએ સકામભાવના વ્યક્ત કરી છે કે નિષ્કામ ભાવના ? એ શૃંગારરસ કેવા સ્વરૂપે વર્ણવ્યો છે. તેનો તલસ્પર્શી અભ્યાસ કરવો જોઈએ.

મહાનુભાવ શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે रसिकाः कामवर्जिताः । એટલે કે અલૌકિક ભગવદ્રસમાં છકેલા ભગવદ્ભક્તોને લૌકિક કામ સ્પર્શ પણ નથી કરી શકતો.

એવા ભગવદ્ભક્તોને જ્ઞાનમાર્ગીઓના ઉત્તમ કોટિના ફલરૂપ અક્ષરબ્રહ્મની કોટિ પ્રાપ્ત કરવાની ઈચ્છા નથી હોતી, તો પછી લૌકિક કામની તો સ્વપ્નમાં પણ કેમ ઇચ્છા થાય ? વળી, આપણા સાક્ષાત્ પુરુષોત્તમ પાસે પણ કોઈ પ્રકારની કામનાની ઈચ્છા ન કરવી એવો શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત છે, તો પછી બીજાઓ પાસે તો યાચના કરવાની ઈચ્છા થાય જ કેમ ? એ જ સિદ્ધાંતાનુસાર શ્રીમતી વ્રજલલનાઓ પણ શ્રીપ્રભુને વિનંતી કરે છે કે,

संत्यज्य सर्वविषयांस्तवपादमूलम् ।

હે પ્રભુ ! અમો સંસાર સંબંધી સર્વ વિષયોને વાસના સહિત ત્યાગીને આપના ચરણકમલના મૂલમાં પ્રાપ્ત થયાં છીએ, માટે અમારો ત્યાગ કરવો આપને ઉચિત નથી.

ભગવદ્લીલાઓનું અવગાહન, ભગવત્સેવા, ભગવત્કથા એના વાસ્તવિક સ્વરૂપમાં જ સિદ્ધ થવાં જોઈએ. આજે મેંડમર્યાદથી સેવા કરનાર કેટલાક વૈષ્ણવોને સેવા શું વસ્તુ છે, એ ન સમજતાં ભાવભાવના જોઈને પોતે ઊલટે રસ્તે ચાલ્યા જાય છે, અને બીજાને પણ તેવો આદેશ આપે છે; માટે એ વસ્તુ સ્પષ્ટ કરવાને માટે શ્રીસુબોધિનીજીના તામસ ફલપ્રકરણાંતર્ગત ભગવાન અને ગોપીઓના સંવાદની અંદર કારિકા સિદ્ધ કરેલ છે, એનો અર્થ આપણે સમજીએ.

क्रिया सर्वापि सैवात्र परं कामो न विद्यते ।
तासां कामस्य संपूर्तिर्निष्कामेनेति तास्तथा ॥

શ્રીમહાપ્રભુજી જણાવે છે કે, અહીં ગોપીઓ સાથે ભગવાનની શૃંગારરસાત્મક લીલાઓ છે, અને તે પ્રમાણે ભગવાને બધી ક્રિયાઓ કરી છતાં લૌકિક કામનો અંશ પણ નથી. પરંતુ તે ગોપીઓમાં રહેલા કામની પૂર્તિ પોતાના નિષ્કામ સ્વરૂપે કરી; કેમકે પોતે અલૌકિક રસરૂપ आनंदमात्रकरपादमुखोदरादि સ્વરૂપ છે. માટે એમના સમાગમમાં આવનાર પણ નિષ્કામ બને એમાં શંકા છે જ નહીં. પરંતુ જીવને એ દાન કરવાની પોતાની ઈચ્છા હોય તો જ તે પ્રાપ્ત થાય છે.

એવા અલૌકિક સ્વરૂપની સેવા કરનારાઓનું જીવન પણ એવું જ હોવું જોઈએ. અને એ પ્રમાણે જો ન ચાલે તો એને માટે જરૂર વિચાર કરવાની સુજ્ઞ મહાશયોને નમ્ર ભલામણ છે. કોઈ પણ સમાજની અંદર કોઇની પણ ભૂલ થતી હોય અને એ ભૂલ કરનારાઓને એના સ્વરૂપ અને યોગ્યતા પ્રમાણે જો સૂચના કરવામાં ન આવે, તો જરૂર દોષ લાગે છે.

માટે આપણે સૌ સાચા અર્થને સમજીએ, અને સાચા વૈષ્ણવ બની, શ્રીમહાપ્રભુજીના વાસ્તવિક સિદ્ધાંત ઉપર નહીં આવીએ, ત્યાં સુધી ખરી વૈષ્ણવતા સમજાશે નહીં.

[વૈશ્વાનર : સં. ૨૦૧૫]

* * *

‘દિવ્ય સંયોગરસના દાતા શ્રી ગુસાંઈજી’

શ્રીમત્પ્રભુચરણ શ્રીગુસાંઈજીનું સ્વરૂપ મહા અલૌકિક રસરૂપ છે. નવાખ્યાનના કર્તા પરમ ભાગ્યવાન ભગવદીય શ્રીગોપાલદાસજીએ શ્રીગુસાંઈજીના સ્વરૂપનું સ્પષ્ટ વર્ણન કર્યું છે કે જે આખ્યાનો નિયમિતરૂપે પુષ્ટિસૃષ્ટિમાં ભગવદ્વાર્તામાં દરેક સ્થળે ગવાય છે.

શ્રીમહાપ્રભુજીએ અગાધ પુષ્ટિમાર્ગ પ્રગટ કર્યો. પ્રમેય-પ્રમાણ ગ્રંથોની રચના કરી દૈવીજીવો ઉપર મહાન અનુગ્રહ કર્યો છે. આપશ્રી ભગવન્મુખારવિંદરૂપ વલ્લભાગ્નિસ્વરૂપ છે, એટલે તાપ-કલેશ અને પુષ્ટિમાર્ગીય વૈરાગ્યનું દાન કરે છે. એ વિપ્રયોગ તાપ-કલેશ અને અલૌકિક વૈરાગ્ય સ્થાયી થયા પછી સ્થાયી સંયોગાત્મક સ્વરૂપનું દાન કરવા પૂર્ણ પુરુષોત્તમ શ્રીમત્પ્રભુચરણનું ભૂતલ ઉપર પ્રાકટ્ય થયું.

સંયોગમાં તો ઉદ્દીપન, આલંબન, વિભાવાદિની અને વિવિધ સામગ્રીની જ આવશ્યકતા હોય છે. તદર્થ શ્રીમત્પ્રભુચરણે પ્રભુના સુખાર્થ વિવિધ લલિત કલાઓનો પ્રકાશ કર્યો. સેવા પ્રકાર ઋતુ અનુસાર, સામગ્રી ઋતુ અનુસાર, વિવિધ વાદ્યોનો સમયાનુસાર ઉપયોગ અને સ્વરૂપાત્મક રાગ-રાગિણીઓમાં વયકૃત, ગુણકૃત અને સ્વરૂપકૃત ઋતુ અનુસાર ક્રમ બાંધ્યો. શ્રીગુસાંઈજીએ સ્થાપેલ ‘અષ્ટછાપ’ના આઠ ભક્તકવિઓને જેવાં દર્શન થયાં તેવાં જ તેમણે કીર્તનો પ્રગટ કર્યાં અને એમની જ અલૌકિક વાણી દ્વારા કીર્તનનો ક્રમ બાંધ્યો. પ્રભુને બે વસ્તુ અતિપ્રિય છે : ભોગ અને રાગ. ભોગમાં પ્રભુ જાગે ત્યારથી પોઢવા પર્યંત ઋતુ પ્રમાણે સામગ્રી, વસ્તુ, આભૂષણો, વાદ્યો વગેરે. અને રાગમાં પણ ઋતુ પ્રમાણે તે તે

ઋતુને અનુકુલ કીર્તનો. આ પ્રમાણે સેવાપ્રકારને સ્વયં આચરણમાં મૂકી બતાવ્યો. કેમકે જ્યાં સુધી પોતે કરીને ન બતાવે ત્યાં સુધી જીવો સમજી ન શકે. એટલા માટે જ પરમ ભગવદીય શ્રીગોપાલદાસભાઈએ સાતમા આખ્યાનમાં કહ્યું છે કે,

આપ સેવા કરી શીખવે શ્રીહરિ,.
ભક્તિપક્ષવૈભવ સુદૃઢ કીધો;
આપની લીલા તે વદન પોતે કહી,
ઉચ્ચાર આનંદ અધિક દીધો.

આજે પણ શ્રીગોપાલદાસભાઈનાં આખ્યાનો ગાતા હોઈએ ત્યારે એમજ લાગે કે જાણે એ સમયનાં આપણે પ્રત્યક્ષ દર્શન કરી રહ્યા છીએ ! કેમકે ભગવલ્લીલા, ભગવત્સેવા, ભગવદ્ગુણગાન, ભગવત્સંબંધી દરેક વસ્તુઓ અખંડ છે, સદા આનંદરૂપ છે અને નિત્ય નૂતન છે, એ વસ્તુને ભાગ્યવાન અનુભવી જ સમજી શકે છે. જેના ઉપર શ્રીમહાપ્રભુજીની અને શ્રી પ્રભુચરણની કૃપા થાય, એના જ હૃદયમાં ઉભયદલવિશિષ્ટ સંયોગ અને વિપ્રયોગાત્મક સ્વરૂપ સ્થાયી સ્વરૂપે પધારે ત્યારે જ એને એકકાલાવચ્છિન્ન સમગ્ર સ્વરૂપનો અનુભવ થાય. આ વસ્તુ અનિર્વચનીય છે. મન-વાણીથી અગોચર છે. ભગવદ્અનુગ્રહ થાય તો જ જાણી શકાય એમ છે.

રસો વૈ સઃ આમ શ્રુતિમાં લખ્યું છે; પરંતુ તે રસરૂપ સ્વરૂપ સમજવાને માટે જ બીજી શ્રુતિ કહે છે કે, यमेवैष वृणुते स तेन લભ્યઃ । જેનું એ રસરૂપ સ્વરૂપ વરણ કરે, એનાથી જ એ પ્રાપ્ત થઇ શકે છે. શ્રીમહાપ્રભુજી પણ

આજ્ઞા કરે છે કે, सर्वानन्दमयस्यापि कृपानन्दः सुदुर्लभः । જીવોને બધો આનંદ મળવા છતાં કૃપાનંદનું દાન કરવા શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો અને શ્રીમત્પ્રભુચરણે એને વિકસાવ્યો અને દાન પણ કર્યું.

શ્રીગુસાંઇજીના પ્રાકટ્યથી શ્રીમહાપ્રભુજીને એટલો બધો આનંદનો ઉદધિ ઉમગ્યો કે ઉદારતાની અવધિ કરી નાખી ! એ કારણે જ સર્વોત્તમજીમાં આપનું નામ છે, अदेयदानदक्षश्च महोदारचरित्रवान् । એ અદેયદાનના ફલસ્વરૂપ જ આપણા શ્રીમત્પ્રભુચરણ, અને તેથી જ આખ્યાનમાં શ્રીગોપાલદાસભાઈ ગાય છે કે,

'આ સર્વસ્વ દાન તેણે સમે
કરે રે શ્રીવલ્લભજી ઉદાર.'

પોતાનું 'સર્વસ્વ' તે પ્રાકૃત હીરા, મોતી, માણેક નહિ; પરંતુ પોતાના અતિપ્રિય શુદ્ધપુષ્ટ રસાત્મક પૂર્ણપુરુષોત્તમ શ્રીનિકુંજ-નાયક. એ જ પોતાના હૃદયસ્થિત સ્વરૂપનું દાન બીજરૂપે, શરણે આવેલાના હૃદયમાં સ્થાપન કરે છે. અને પછી નિવેદનના પ્રકારમાં કહેલા ક્રમ પ્રમાણે જ્યારે તાપક્લેશાનંદની સ્થાયી અવસ્થા થાય છે અને પ્રભુને પ્રાપ્ત કરવા હૃદયમાં બિરાજેલા પ્રભુ બહાર પ્રકટ થાય છે. એ જ પ્રકાર શ્રીમહાપ્રભુજી નિરોધલક્ષણમાં બતાવી રહ્યા છે કે;

क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः ॥

એ મહાન વિપ્રયોગ પછી સ્થાયી સંયોગનું દાન કરવાનું સામર્થ્ય શ્રીમત્પ્રભુચરણનું જ છે.

વિવિધ પ્રકારની લલિત કલાઓનો ઉપયોગ તો સંયોગમાં જ થઈ શકે. કેમકે પ્રિયના વિયોગમાં ઉદ્દીપનાદિ વસ્તુ સામગ્રી પણ ઊલટી અસહ્ય થઇ પડે, દુ:ખમાં–ક્લેશમાં વૃદ્ધિ કરનારી થાય ! એટલા માટે જ પ્રગટ સંયોગ સ્વરૂપે શ્રીમત્પ્રભુચરણે પ્રાકટ્ય લઈ એ વસ્તુસામગ્રી, એ કીર્તનો, એ લીલા દ્વારા પુષ્ટિસ્થ જીવોને સાર્થક બનાવી મહાન સંયોગરસનો અનુભવ કરાવ્યો ! આ અદ્‌ભુત વિશેષતા છે કે આંતરમાં વિપ્રયોગની સાથે જ સંયોગ સ્વરૂપનો સંયોગ કરાવી, પોતે ફલ-સ્વરૂપે તિલસી, નિજ અંગીકૃત જીવોને પ્રભુ સાથે વિલસાવી, એકકાલાવચ્છિન્ન ઉભયદલવિશિષ્ટ સ્વરૂપનું દાન કર્યું છે. ભોક્તાને ભોગ્ય અને ભોગ્યને ભોકતા સ્વરૂપે અનુભવ કરાવ્યો.

આધિદૈવિક સેવા કેમ સિદ્ધ થાય એ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ–આ ચાર પ્રકારથી પોતાના આચરણમાં મૂકીને બતાવ્યું. સાધન, ફળ થાય અને ફળ ઉત્તરોત્તર સાધન થતું જાય એ રીતે સાધન અને ફળની એકતા બતાવી ગુણગાનનું વાસ્તવિક સ્વરૂપ બતાવ્યું. બીજારોપણ પછી સિંચન અને સતત સિંચન પછી કંદલ, શાખા, પલ્લવ, પુષ્પ અને પછી ફળ જેમ સિદ્ધ થઇ પરિપક્વ થઇને સુસ્વાદવાળું બને છે, એ રીતે જ જીવોમાં ફળસ્વરૂપ પર્યંતનો ક્રમ બતાવીને રસરૂપ બનાવ્યા અને ફલ ફલિત કેવી રીતે થાય એ રસરીતિ સમજાવી.

શૃંગારરસમંડનાંતર્ગત દશઉલ્લાસ, વ્રતચર્યા અને દાનલીલામાં એ બધો ક્રમ આપશ્રીએ બહુ જ સુંદર રીતે પદ્યબંધ કરીને બતાવ્યો છે.

આ દેહે જ અમર થઇ જવું અને આ દેહથી જ જીવ, સર્વ અનુભવ અવશ્ય પ્રાપ્ત કરી શકે છે, એવા દાખલાઓ અષ્ટસખા અને ચોરાસી–બસોબાવન વૈષ્ણવની વાર્તામાંથી મળી શકે છે. સંસારમાં રહેવા છતાં પણ જીવો અલૌકિક ફલપ્રાપ્તિ કરી શકે છે, એ પ્રકાર પોતાના સેવામય ગૃહસ્થાશ્રમના પ્રકારથી બતાવ્યો છે. બાલ્યાવસ્થામાં વૈષ્ણવોના બાલકોનું જીવન કેવું હોવું જોઇએ, યુવાવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં કેવું હોવું જોઇએ એ પોતાના જ ગૃહસ્થાશ્રમથી, વહુ-બેટી-બાલકોના સેવાપ્રકારથી ચરિતાર્થ કરી બતાવ્યું છે એ સ્પષ્ટ જ છે. મંગલાથી રાજભોગપર્યંત અને ઉત્થાપનથી શયનપર્યંતની સેવાનો ક્રમ મૂળલીલાના સંબંધે અને ઉત્સવાદિકનો ભાવના સહિતક્રમ સારસ્વત કલ્પની લીલાના અનુસંધાને વ્યૂહાદિકથી રહિત, કેવળ અછૂતા પુષ્ટિસ્વરૂપની સેવા કરીને અને કહી બતાવી, અસાધારણ કૃપાની વર્ષા જ કરી છે.

નિજઇચ્છા પ્રેરણાથી જ આ લખાયું છે. શ્રીવિઠ્ઠલેશપ્રભુ સહુની ઉપર કૃપાદૃષ્ટિની વૃષ્ટિ કરે એ પ્રાર્થના સાથે વિરમું છું.

(વૈશ્વાનર સં. ૨૦૧૫)

“પ્રપત્તિ”

અખંડભૂમંડલાચાર્ય જગદ્ગુરુ **શ્રીમદ્વલ્લભાચાર્યજી** મહાપ્રભુજીએ દૈવીજીવોને શરણે લઈ, ઉદ્ધાર કર્યો છે. તે સમય આજના યુગ કરતાં પણ ભયંકર હતો. લગભગ પોણાપાંચસો વર્ષ થયાં. તે વખતે ભારતમાં મોગલસામ્રાજ્ય હતું. હિન્દુઓ ઘોર સંકટમાં હતા. એક પણ સાધન ન હતું. આજે તો તાર, ટપાલ, રેલ્વે, બસ, એરોપ્લેન, ડોકટરો, ઈન્જેકશન ઇત્યાદિ અનેક સાધનો છે. પરંતુ તે સમયે એક પણ સાધન હતું નહીં. એવા સમયમાં પણ શ્રીમહાપ્રભુજીએ કેવલ જીવોના ઉદ્ધાર માટે જ ધોતી ઉપરણો ધારણ કરી, ત્રણ ત્રણ વખત પૃથ્વી પરિક્રમા કરી. ગામની બહાર જંગલમાં નિવાસ કરીને સ્વહસ્તે એક જ વખત પાક સિદ્ધ કરી, ભોગ ધરી આરોગતા. સાથે બે–ચાર વૈષ્ણવો ચાલતા, ટહેલ કરતા. આપશ્રીએ પશુપક્ષીઓનો પણ ઉદ્ધાર કર્યો છે એ જ પ્રમેયબલની વિશિષ્ટતા છે.

પરમ ભગવદીય મહાનુભાવ શ્રીગોપાલદાસજીએ પણ આખ્યાનમાં કહ્યું છે —

‘જે જીવજાત કોઈ હોય, તેને તત્ક્ષણ સર્વસુખ હોઈ.’

અનેક કાલથી પ્રભુથી વિછુડેલા દૈવીજીવોનો ઉદ્ધાર કરવા માટે જ રસેશ શ્રીપ્રભુએ નિજમુખારવિંદરૂપ શ્રીમહાપ્રભુજીને ભૂતલ ઉપર પ્રગટ થવા આદેશ કર્યો, અને આપ પધાર્યા.

કલિયુગમાં કેવલ શરણાગતિ સિવાય બીજો માર્ગ

જીવોને માટે છે જ નહીં. માટે આપશ્રીએ શરણાગતિનો માર્ગ દેખાડયો. તે પણ કેવળ વાણીથી નહીં પરંતુ જે હૃદયમાં ભાવના હતી તે જ મુખારવિંદથી ઉપદેશ કર્યો. અને જીવનમાં ઓતપ્રોત કરી, તે માર્ગે ચાલીને પણ બતાવ્યું.

એમ મનસા, વાચા, કર્મણા ત્રણેય પ્રકારથી જીવો ઉપર અનુગ્રહ કર્યો છે. શ્રીગીતાજીમાં ભગવાન એ જ કહી રહ્યા છે જે —

‘ यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ’

આ સુગમ માર્ગો બતાવ્યા છે. શ્રીમદાચાર્યચરણ પ્રણીત આ શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગ દરેક વર્ણને માટે એક સરખો જ લાભદાયક છે.

ગમે તે સમયે, ગમે તે સ્થાને, શરણાગતિની ભાવના રાખીને નિઃસ્વાર્થ ભાવનાથી જીવ સેવા, કથા, સ્મરણ, કીર્તન, ગુણગાન કરી શકે છે ! ભગવાન્ ગીતાજીમાં પણ એ જ આજ્ઞા કરે છે કે– “दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया, मामेव ये प्रपद्यन्ते मायामेतांस्तरन्ति ते ॥’ અર્થાત્–હે અર્જુન ! મારી માયાને કોઈ તરી શકતું નથી. કારણ કે મારી માયા દૈવી અને ગુણમયી છે. વળી કોઈ પણ સાધનથી એ દૂર થઈ શકે એમ નથી. પરંતુ જે કેવળ મારા શરણે આવે છે તે જ મારી માયાને તરી શકે છે. માટે આવા નિર્ગુણ ભક્તિમાર્ગમાં શ્રીમહાપ્રભુજી દ્વારા શરણે આવેલો જીવ જ માયાને તરીને જીવનના પરમ ધ્યેયરૂપ અને ફળરૂપ ભગવચ્ચરણારવિન્દને પ્રાપ્ત કરી શકે છે.

મોટા પુરુષો જે પ્રમાણે આચરણ કરીને બતાવે તે જ પ્રમાણે સાધારણ કોટિના જીવો ચાલી શકે. એજ વસ્તુ શ્રીગોપાલદાસભાઈ આખ્યાનમાં કહી રહ્યા છે જે " આપ સેવા કરી શીખવે શ્રીહરિ, ભક્તિપક્ષ વૈભવ સુદૃઢ કીધો, આપની સેવાં તે વદન પોતે કહી ઉચ્ચાર આનંદ અધિક દીધો."

આપશ્રીએ કર્મ જ્ઞાન અને ભક્તિનો સુંદર સુમેળ વેદ, પુરાણ, ભાગવત, ગીતા, બ્રહ્મસૂત્રો ઈત્યાદિનાં પ્રમાણોથી સિદ્ધ કરીને બતાવ્યો છે.

જીવો જગતમાં રહી પોતાના વ્યવહારોને ચલાવતાં પણ અલૌકિક કાર્યો સિદ્ધ કરી શકે છે. બન્ને પ્રકારો બતાવ્યા છે, જેમ કે – "अव्यावृत्तो भजेत्कृष्णं पूजया श्रवणादिभिः" અવ્યાવૃત્ત થઈને પૂજા શ્રવણાદિક ભક્તિથી જ ભજન કરવું. પરંતુ તે ન બની શકે તો વ્યાવૃત્તિ હોય, તેમાં પણ અનાસક્તિ રાખી, જલકમલવત્ રહીને પણ ભજન કરવું. આવો ઉચ્ચ આદર્શ બતાવ્યો છે.

[અગ્નિકુમાર : સં. ૨૦૧૬]

* * *

"પ્રસ્થાન ચતુષ્ટય"

મહાભારતમાં એક દૃષ્ટાંત છે કે, યુદ્ધિષ્ઠિરને જ્યારે તરસ લાગી, ત્યારે જલ ભરવા માટે નકુલ અને સહદેવને મોકલ્યા. તેમને વાર લાગવાથી પાછળ ભીમસેન અને વળી તેમને પણ જ્યારે ઘણી વાર લાગી ત્યારે પાછળથી અર્જુનને મોકલ્યા. પરંતુ કોઈ પણ પાછા ફર્યા નહીં. ત્યાં આગળ જે જલાશય હતું ત્યાં એક યક્ષ હતો. જલ ભરવા આવેલા પાંડવોને જોઈને તકનો લાભ લઈ તેણે પાંડવોને કહ્યું " હું જે પ્રશ્નો પૂછું તેનો સચોટ ઉત્તર આપ્યા વિના જલ નહીં ભરાય." પણ તેનું વચન નહીં ગણકારતાં પાંડવોએ જલ ભરવા માંડયું. આથી તે સર્વે પાંડવો નિશ્ચેતન થઈને જમીન ઉપર ઢળી પડ્યા. આ રીતે ચારેય પાંડવો નિર્જીવ જેવા થઈ ગયા. જ્યારે યુધિષ્ઠિર પોતે આવ્યા અને પોતાના ચારેય ભાઈઓની આવી સ્થિતિ જોઈ. પેલા યક્ષે તેમને પણ એ જ કહ્યું કે, મારા પ્રશ્નનો ઉત્તર દઈને પછી જ જલ પાસે જા; નહિ તો તારી પણ આ જ અવદશા થશે. પછી યુધિષ્ઠિરે પ્રશ્ન પૂછવા માટે કહ્યું ત્યારે તેણે પ્રશ્ન કર્યો,–

'આ જગત્માં આશ્ચર્યની વાત શું છે?' પ્રત્યુત્તરમાં ધર્મરાજે કહ્યું કે:–'આવો દુર્લભ માનવદેહ પ્રાપ્ત થયો છતાં શ્રેય માર્ગ નહીં સાધતાં દેહ જાણે અજરામર રહેનાર હોય તેમ મનુષ્યની માન્યતા થઈ ગઈ છે. તેથી વિશેષ શું આશ્ચર્ય!' માટે જ શ્રીમદ્ભાગવતમાં કહેલ છે કે; મનુષ્ય દેહની પ્રાપ્તિ દેવો પણ ઇચ્છે છે.

ઉપરોક્ત ઉદાહરણથી નિશ્ચય થાય છે કે અમૂલ્ય મનુષ્ય દેહની પ્રાપ્તિ પછી શ્રેય સમ્પાદન કરવું એ મનુષ્ય જીવનનું ફળ છે. અને એ મનુષ્ય જીવનની સિદ્ધિ અને શ્રેયોમાર્ગ તરફ વળવાને માટે પ્રાચીન

શાસ્ત્રોએ મનુષ્યને માટે ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ એ ચતુર્વિધ પુરૂષાર્થોનું નિરૂપણ કરેલું છે.

જગદ્‌ગુરૂ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમાં પ્રસ્થાન ત્રયીને બદલે પ્રસ્થાન ચતુષ્ટય સ્વીકારવામાં આવેલ છે. પ્રસ્થાનત્રયીમાં માત્ર (૧ વેદ, ૨ ગીતા, ૩ વ્યાસસૂત્ર.) આ ત્રણને જ પ્રમાણભૂત માનવામાં આવેલ છે. જ્યારે શુદ્ધાદ્વૈતબ્રહ્મવાદના સિદ્ધાન્તોમાં એ ત્રણ સાથે શ્રીમદ્‌ભાગવતનું મુખ્ય નિરૂપણ કરવામાં આવ્યું છે.

પ્રભુએ આ સૃષ્ટિ પોતાના સ્વરૂપમાંથી જ ઉત્પન્ન કરી છે. જગત પ્રભુનું ક્રીડાભાંડ છે. તેથી જ ब्रह्म सत्यं जगत्सत्यं અર્થાત્ બ્રહ્મ સત્ય છે. અને તેમણે સર્જેલુ જગત પણ સત્ય છે, એ વિશ્વમાન્ય શુદ્ધાદ્વૈત માર્ગના સિદ્ધાંતો જગતના ખૂણે ખૂણે વિસ્તર્યા છે જેવી રીતે અગ્નિમાંથી અસંખ્ય જીવોનું વ્યુચ્ચરણ થયું છે. તેથી જીવ અને ઈશ્વરનો અશાંશી ભાવ-સમ્બન્ધ છે. તેથી આ જ આશયથી પ્રમાણ ચતુષ્ટય (વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્‌ભાગવત) એ પ્રસ્થાનચતુષ્ટયમાં એનું પ્રતિપાદન કરેલું છે.

वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ॥

વેદો, શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ વાકય (અર્જુન, ધૃતરાષ્ટ્ર આદિનાં નહિં) વ્યાસજીનાં બ્રહ્મસૂત્રો, અને શ્રીભાગવતમાં વ્યાસજીની સમાધિભાષા-એ ચારેય પ્રમાણભૂત છે.

(એક પ્રવચનનો સાર ભાગ)

[અગ્નિકુમાર : સં. ૨૦૧૬]

“ભગવાનનું અવતારપ્રયોજન”

આજે અવતાર પ્રયોજન માટે કહીશ. ભગવદ્‌ગીતામાં ભગવાન્ શ્રીકૃષ્ણે यदा यदा हि धर्मस्य અને परित्राणाय साधूनां એ શ્લોક દ્વારા જણાવ્યું છે કે; જગતની અંદર ધર્મગ્લાનિ જયારે જયારે થાય છે, ત્યારે એ દૂર કરવા અવતાર ધારણ કરું છું. પરંતુ ધર્મ કોને કહેવો ? કેટલીક વખતે ધર્મનો અતિરેક થાય ત્યારે ધર્મ અધર્મ બને છે. ઈંગ્લીશમાં તેને (Religion) કહે છે. મુસ્લિમો મજ઼હબ કહે છે અને આર્યશાસ્ત્રો ધર્મ કહે છે.

શાસ્ત્રકારો કહે છે કે “धर्म एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः” વેદ, ઉપનિષદ્, પુરાણ, ગીતા, ભાગવત ઈત્યાદિ બધા ધર્મગ્રન્થો અને શાસ્ત્રો, દરેકમાં માનવને માટે પુરુષાર્થચતુષ્ટયની સિદ્ધિ આવશ્યક નિર્દેશેલી છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-એ ચાર પુરુષાર્થો માનવજીવનને ઉચ્ચ ભૂમિકા પર લઈ જવામાં સહાયક થઈ શકે છે.

જીવ જયારે ભગવાન્‌થી છૂટો પડયો ત્યારે અહંતા-મમતાત્મક સાંસારિક પ્રપંચમાં પડી, માયાથી પરિવેષ્ટિત, જીવ બન્યો. જીવ એ ભગવદંશ (Part) છે, અને ભગવાન્ અંશી (Whole) છે, તેથી ભગવાનન્‌નો ચિદંશ જીવ છે. ભગવાને પોતાના ગુણો જીવમાં સ્થાપિત કરેલા છે. માયાના ગુણો જેવા કે કામ-ક્રોધ-લોભ-મોહાદિ એ જીવમાં સ્વાભાવિક રીતે રહેલા છે.

દૈવી અને આસુરી બે પ્રકારની સૃષ્ટિ છે. જે જીવો દૈવી છે તેને પ્રભુની જ માયા પ્રભુ સન્મુખ લઈ જાય છે.

આસુરી માયા વિમુખ બનાવે છે. ભગવાન્ સ્વયં આજ્ઞા કરે છે કે, જીવોને સન્માર્ગે લઇ જવા માટે હું આચાર્યો દ્વારા અંશરૂપે પ્રગટ થાઉં છું.

શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજી આદેશ આપે છે કે, જગત્‌ની કણિકા પણ સત્ય છે, કારણ કે તે બધું બ્રહ્મમય છે. અને આજના વિજ્ઞાનયુગમાં પણ લોકો એ વાત માનતા થઇ ગયા છે. આપણું સમાજજીવન જો વ્યવસ્થિત, લોકોપયોગી અને સંગઠિત હોવું જોઇએ, તેમ નહીં હોય તો નહીં ટકી શકીએ. તે સંસ્કૃતિ અને ધર્મ દ્વારા જ સંભવ છે. બચપણથી વૃધ્ધાવસ્થાના સમય દરમ્યાન જે કાંઇ સત્કાર્ય કરીએ છીએ તે ધર્મના રૂપમાં જ પરિણત થાય છે. ધર્માચરણના દ્વારા પ્રભુ, દેશ, કુટુંબ, માનવ, સમાજ વગેરેની સેવા તે ધર્મ જ છે.

આપણા જીવનમાં અનેક કપટ-પ્રપંચ હોય અને આત્મધર્મની વાતો કરીએ તેનાથી કોઇ લાભ નથી. આત્મધર્મ માટે સામાજિક સંગઠન (Social-Union) હોવું જરૂરી છે. આપણા સમાજનો સડો તેનાથી દૂર થશે. સંગઠન થશે ત્યારે જ નૈતિક ધર્મ આવશે. 'यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः' ઇત્યાદિ વાકયોથી ભગવાને અવતાર લઇને મનસા-વાચા જીવનમાં આચરીને બતાવ્યું છે.

આપણા આર્યશાસ્ત્રોમાં ૨૪ અવતારો બતાવ્યા છે. પ્રત્યેક યુગમાં સૃષ્ટિને અનુકુળ અવતાર થાય છે અને તે અનુસારે જ આચાર્યો જન્મે છે. અવતાર ધારણ કરીને આપણને જીવવાનો પ્રકાર બતાવ્યો છે. જીવનમાંથી જેટલાં વર્ષો પસાર થાય છે, તેટલા દિવસો ઓછા થાય છે. આપણને

મહાપુરુષોની જયંતી મનાવવાનો અધિકાર છે; પરંતુ ખૂબ ગાવું અને ખાવું એમાં જ જયંતીઓ મનાતી જોવામાં આવે છે.

સાધનોના જમાનામાં તો કાંઈ કષ્ટ નથી. **आत्मैव आत्मनो बन्धुः** આત્મા, આત્માનો મિત્ર અને દુશ્મન છે. આ દોષ ન લાગે. તે કેળવવાની શકિત નથી. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, ત્રિવિધ દુઃખ ભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક સહન કરવાની શકિત કેળવો. ભગવાને પણ દુઃખનો અનુભવ પોતાના જીવનમાં બતાવીને કરાવ્યો છે. અન્યાશ્રયથી બચાવ્યા, દુઃખના સમુદ્રમાંથી તાર્યા, ગોલોકનો પરમાનંદ છોડીને જીવોના કલ્યાણ માટે અવતાર લીધો છે.

ભગવાન્ શ્રીકૃષ્ણે પ્રાકટ્ય લઇને નિરોધ સિધ્ધ કરાવ્યો છે. ભગવાન્ અજ્ઞાનીઓ ઉપર પણ અનુગ્રહ કરીને પોતાના દિવ્ય લોકમાં તેઓને લઈ ગયા છે, એવા તો ભાગવતાદિમાં અનેકાનેક દૃષ્ટાન્તો ઉપલબ્ધ છે.

"પુષ્ટિતત્ત્વ"

નંદનંદન પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્રને જ્યારે ભૂતલ ઉપર જુદા પડેલા અને સંસારમહોદધિમાં ભ્રમણ કરતા જીવોને શરણે લેવાની ઈચ્છા થઇ ત્યારે પોતાના સ્વમુખારવિન્દરૂપ વૈશ્વાનર વાક્પતિ શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજીને આજ્ઞા આપી કે, 'અનંતકાલથી જીવો મારાથી જુદા પડયા છે, માટે તેને શરણે લઇને મને સોંપો' આ આજ્ઞા કેવી રીતે થઇ અને કયારે થઈ ? એ વસ્તુ શ્રી આચાર્યજી પોતાના સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં જણાવતાં આજ્ઞા કરે છે કે,

'श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि !
साक्षाद्भगवता प्रोक्तंतदक्षरश उच्यते ।

અર્થાત્ શ્રાવણ શુકલા એકાદશીની મધ્યરાત્રિના સમયમાં સાક્ષાત્ ભગવાને જે સ્વમુખેથી કહ્યું તે હું અક્ષરશઃ કહું છું. આથી એ સિદ્ધ થયું કે સાક્ષાત્ રસેશ પ્રભુની આજ્ઞાથી શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધના દાન દ્વારા શરણાગતિનો પ્રકાર પ્રચલિત કર્યો.

આ ભગવદાજ્ઞા જ દૈવીજીવોના ઉદ્ધારાર્થ પ્રકટિત અને નિર્ગુણ ભકિતમાર્ગના ઉપદેષ્ટા શ્રીમદાચાર્યચરણના આવિર્ભાવમાં કારણરૂપ છે અને આપે ભૂતલ ઉપર પ્રાકટ્ય લઇને જીવોને એ ઉપદેશ કર્યો કે, આ કલિકાલમાં કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગનાં સાધનોથી તરવું અત્યંત કઠિન હોવાથી (कलौ केशव कीर्तनात्) એ વાકયાનુસાર શુદ્ધ હૃદયથી અને નિર્મલ પ્રેમથી જો ભગવદ્ગુણાનુવાદ ગાયા હોય તો જીવ સહજમાં તરી જાય છે.

આ માટે સહજ સાધનો પણ તૈયાર છે કે જેનાથી અનાયાસે ભગવત્પ્રાપ્તિ થઈ શકે; પરંતુ એ આપણા પાલન અને આચરણ પર જ અવલંબે છે આજકાલના નવયુવકો ધર્મવ્યવસ્થામાં ઝટ બોલી ઊઠશે કે, 'अनास्था खलु' પરંતુ એના બાહ્ય દેખાવોથી અનાસ્થા અને અવિશ્વાસ રાખી શ્રદ્ધાને તિલાંજલિ આપી દઇએ તો તેની અંદર રહેલા સર્વોત્કૃષ્ટ તત્ત્વથી આપણે અભિજ્ઞ રહી જઈએ છીએ. તેથી ધર્મનું વાસ્તવિક શું સ્વરૂપ છે, એ સંપ્રદાયના તત્ત્વજ્ઞાનના વિશાળ સાહિત્યમાં ઊંડા ઊતરવાથી સમજી શકાશે.

પુષ્ટિમાર્ગને આધુનિક કહેનારાઓની ઘણી જ ભૂલ થાય છે. કારણ કે તેમણે વેદપ્રતિપાદિત શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ અણુભાષ્યાદિ તત્ત્વગ્રંથોનું અવલોકન સરખુંય કર્યું નથી. પુષ્ટિમાર્ગમાં તો પ્રમાણમૂર્ધન્ય વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને સમાધિભાષા જ પ્રમાણભૂત સ્વીકૃત છે. હવે કહો કે શું વેદ અનાદિ નથી ? ગીતા અનાદિ નથી ? કે બ્રહ્મસૂત્ર અથવા શ્રીમદ્ભાગવત અનાદિ નથી ? આપણે એ માનવું જ પડશે કે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ વેદાદિથી પ્રામાણિક છે. એમાં તો કોઈ પણ સંશયને અવકાશ જ રહેતો નથી.

આ બધાં પ્રમાણોનું નિરીક્ષણ કરતાં એ સ્પષ્ટ થાય છે કે પુષ્ટિતત્ત્વ એ અનાદિ તત્ત્વ છે અને શ્રીવલ્લભાચાર્યચરણોએ પ્રકટ થઈને વેદ, ગીતા, શ્રીમદ્ભાગવત ઈત્યાદિમાંથી નવનીતની પેઠે નિચોડ કરી આપણી આગળ વસ્તુ ધરી. અને એ જ કહ્યું કે, "जानीत परम तत्त्वं यशोदोत्संगलालितम्" પરમતત્ત્વરૂપ શ્રીયશોદાજીના ઉત્સંગમાં ખેલતા એવા શ્રીકૃષ્ણનું નિરૂપણ કર્યું.

વિત્તજા તથા પરમ ફળરૂપ માનસીસેવા બતાવી. આટલાં આટલાં સરલતમ સાધનો ઉપલબ્ધ હોવા છતાં

S 464

આપણે આજન્મપર્યંત માત્ર "વૈષ્ણવ" એવી સંજ્ઞા રાખીએ છીએ. પરંતુ તેને કર્તવ્યતાના રૂપમાં ચરિતાર્થ કરતા નથી તેનું શું કારણ હશે ? તે જો આપણે શોધીએ તો જણાશે કે સત્સંગનો અભાવ અને ક્ષણે ક્ષણે દુઃસંગનું વાર્ધક્ય.

હુવે આપણે એ સેવાપ્રકાર તરફ દષ્ટિપાત કરીએ. કોઈ કહેશે કે સેવા કરવાથી ફલપ્રાપ્તિ થશે કે નહિ ? તેનો માત્ર એક જ પ્રત્યુત્તર છે કે, યોગીપુરુષો જો એમ જ શંકાશીલ રહેત તો યોગધ્યાનના કઠિન પરિશ્રમથી પરમાત્માને ઓળખત નહીં; પરંતુ તેઓને દઢ વિશ્વાસ હોવાથી એક દિવસ જરૂર ઈશ્વરપ્રાપ્તિ કરી શકે છે. એ જ રીતે સંસારાસક્તિથી અલિપ્ત રહી શ્રીપ્રભુને તનમનધનથી સેવા દ્વારા પ્રસન્ન કરવાથી અને નિત્યનિયમથી તનુજા–વિત્તજા સેવા કરવાથી વ્યસનદશા થશે. વ્યસન એવી વસ્તુ છે કે જે વસ્તુનું વ્યસન હોય તે ચીજ જ્યાં સુધી ન મળે ત્યાં સુધી કાંઈ પણ ગમે નહિ. અને ચાહે તે કામ કરતો હોય; પરંતુ મન તો એ જ ચીજમાં વ્યાપૃત હોય. તેવી રીતે પ્રભુમાં જ્યારે વ્યસનાવસ્થા પ્રાપ્ત થાય ત્યારે ચાહે તેવું લૌકિક નડતર રૂપ થાય, પરંતુ મન ભગવદાવિષ્ટ હોય તો કાંઈ બાધા ન કરે. માટે જ સેવામાં નિરોધ સિદ્ધ થાય ત્યારે પરમસુખ પ્રાપ્ત થાય છે.

('અગ્નિકુમાર' સં. ૨૦૧૮)

卐

ચર
બીજો
અપૂર્વ આ

પ્રથમ ગયે વર્ષે સાં.
અધિકમાસમાં બહાર પાડેલું
'પુષ્ટિમાર્ગનો મર્મ' સમાજ
છે, જેથી પ્રેરાઈને તેમનાં લેખોને
પાડીએ છીએ. પુષ્ટિમાર્ગના ચાહ

આ પુસ્તક છપાવવાનો
ભાવિક વૈષ્ણવ રાણાવાવવાળા
સોમૈયા તથા અ.સૌ. શાંતાબેને
વિનોદકુમારના શુભ લગ્નપ્રસંગે
કુમાર, તેમના મોટા ભાઈ શ્રીશ
પરિવાર પણ ખૂબ જ ભાવિક અ
પ્રેમ ધરાવે છે. પોરબંદરમાં શ્રી.
માં જ તેમના લગ્ન થયેલા, ત
ઉત્સાહથી આ પ્રકાશન કર્યું છે,

ધન્ય

ત